Monday, 30 June 2025
પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦


જે તકલીફ વગર ફાયદો મેળવવા જાય છે એને ફાયદો મેળવ્યા પછી તકલીફ થાય છે.
- શ્રી મહાપાત્ર
માઁ વિશ્વંભરી તીર્થયાત્રા ધામ
મુ. રાબડા, તા.જી. વલસાડ
www.jaymaa.org

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક

गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः॥

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

# વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી

RNI No. DDGUJ/2003/13906

દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com

દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૨ ● અંકઃ ૧૬૯ ● સંવત-૨૦૮૧ અષાઢ સુદ પાંચમ ● Web: www.vartmanpravah.com vartmanpravah @VartmanPravahD

## સેલવાસની જામા મસ્જિદ પર ગેરકાયદેસર રીતે કબ્જો કરનારાઓની પોલીસે કરી ધરપકડ

### અનધિકૃત રીતે કમિટીનું ગઠન કરી અધિકારીક દસ્તાવેજો સાથે છેડછાડ કરી મસ્જિદના સંસાધનોનો કરેલો દુરુપયોગ



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૨૯**

દાદરા નગર હવેલી પોલીસ વિભાગને ગત તા.૦૨ ઓગસ્ટ-૨૦૨૪ના રોજ ફરિયાદ મળી હતી કે, આરીફ ફકીર શેખ અને એમના સાથી મિત્રો દ્વારા સેલવાસ-વાપી રોડ પર આવેલ જામા મસ્જિદની ગેરકાયદેસર રીતે ચાવીઓ લઈ જામા મસ્જીદ પર જબરજસ્તી કબ્જો કરી લેવામાં આવેલ છે અને અનધિકૃત રીતે કમિટીનું ગઠન કરી અધિકારીક દસ્તાવેજો સાથે છેડછાડ કરી મસ્જિદના સંસાધનોનો દુરુપયોગ કરવામાં આવ્યો છે, સાથે અંદાજીત ૧૨થી ૧૫લાખ રૂપિયાનો હિસાબ બાકી છે. જ્યારે એમની પાસે હિસાબનું વિવરણ માંગવામાં આવેલ તો એમણે નાણાકીય લેવડ-દેવડનો ખુલાસો કરવાનો ઈન્કાર કરી દીધો હતો. એના સિવાય તેઓ મસ્જિદના લેટરહેડ અને સ્ટેમ્પનો ગેરકાયદેસર રીતે ઉપયોગ કરી રહ્યા હતા.

આ ફરિયાદના આધારે સેલવાસ પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સહીતા ૨૦૨૩ની ધારા ૩૩૪(૨), ૩૫૩(૧) મુજબ ૧૭ જૂન, ૨૦૨૫ના રોજ આરોપીઓ વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

કેસની ગંભીરતાને જોતા તપાસ બાદ આરોપીઓને શોધી તેઓની ધરપકડ કરવામાં આવી હતી. આરોપીઓમાં (૧)આરીફ ફકીર શેખ- રહેવાસી ઝંડાચોક-સેલવાસ (૨)સબ્બીર બાબુ શેખ- રહેવાસી બાવીસા ફળિયા-સેલવાસ (૩)શાહિલ હનીફ ભોકલા- રહેવાસી-બાવીસા ફળિયા-સેલવાસ (૪)મોહમ્મદ હુસેન માજીદભાઈ મન્સૂરી- રહેવાસી સેલવાસ (૫)અશરફ અબ્રાહમ ટેલી રહેવાસી ડોકમરડી-સેલવાસ અને (૬)હનીફ ઈલિયાસ સૈયદ- નિવાસી સેલવાસ. જેઓ તમામની સેલવાસ પોલીસ દ્વારા પૂછપરછ કરવામાં આવી રહી છે.

## સંઘપ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવ પોલીસ વિભાગમાં કરાઈ આંતરિક બદલી

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૨૯**

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવના આઈજીપી કાર્યાલય દ્વારા પોલીસ વિભાગમાં આંતરિક બદલીઓ કરી નવી પોસ્ટીંગ કરવામાં આવી છે. જેમાં સેલવાસના પી.આઈ. એસ.એચ.ઓ.થી શ્રી હરીશ રાઠોડને હેડક્વાર્ટર દાનહનો ચાર્જ સોંપવામાં આવ્યો છે. પી.એસ.આઈ. શ્રી અનિલ ટી.કે.જેઓને ઈન્ચાર્જ હેડક્વાર્ટરથી એસ.એચ.ઓ.-સેલવાસનો ચાર્જ સોંપવામાં આવ્યો છે. પી.એસ.આઈ. શ્રી સદાનંદ ઈનામદાર એસ.એચ.ઓ. નરોલી પોલીસ સ્ટેશનથી હેડ ક્વાર્ટર દીવનો ચાર્જ સોંપવામાં આવ્યો છે. પી.એસ.આઈ. શ્રી નિલેશ કાટેકર એસ.એચ.ઓ. વણાંકબારાથી એસ.એચ.ઓ. નરોલી પોલીસ સ્ટેશનનો ચાર્જ સોંપવામાં આવ્યો છે.

મહિલા પી.એસ.આઈ. શ્રીમતી દીપિકા ભગત હેડક્વાર્ટર દીવથી પી.ટી.એસ. સાયલી અને ટ્રાફિક બ્રાન્ચ દાનહનો ચાર્જ સોંપવામાં આવ્યો છે. આ આંતરિક બદલીઓના કારણે પોલીસ મહેકમમાં ક્યાંક ખુશી તો ક્યાંક ગમનો માહોલ જોવા મળ્યો હતો.

## દાનહ જિલ્લા પ્રશાસને દૂધનીના મેડસિંગી સ્થિત ઘણાં સમયથી જર્જરિત બનેલી પાણીની ટાંકી અંતે જમીનદોસ્ત કરાઈ

### આ પહેલાં ગામના આગેવાનો દ્વારા જર્જરિત ટાંકીને તોડી પાડવા તંત્રને રજૂઆતો કરવામાં આવી હતી, પરંતુ તંત્રએ સમયસર નહીં જાગતા છેક ચોમાસામાં જાગીને ટાંકીને ધ્વંસ્ત કરાઈ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૨૯**

ગુજરાતના વલસાડ અને મહારાષ્ટ્રના પાલઘર જિલ્લાના અડીને આવેલા કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલીની શાન આખું વર્ષ પ્રવાસીઓથી ભરચક રહેતા સ્વર્ગ સમા પ્રસિદ્ધ પર્યટન સ્થળ એવા દૂધની ગામના મેડસિંગી ફળિયામાં વર્ષ ૨૦૦૦માં જિલ્લા પ્રશાસને ગામલોકોને પીવાના પાણીની સુવિધા માટે ઓવર હેડ ટાંકીનું નિર્માણ કરવામાં આવ્યું હતું, પરંતુ આ ટાંકી માત્ર ૨૫ જ વર્ષમાં અત્યંત જર્જરિત બની ચુકી હતી, અને લોકોને માથે જોખમ તોળાઈ રહ્યું હતું. કોઈ અનિચ્છનીય બનાવ નહીં બને તે માટે ગામલોકોએ ૨૫ વર્ષ જૂની અત્યંત જર્જરિત ટાંકીને તોડી પાડવા વારંવાર જિલ્લા પ્રશાસનને રજૂઆતો કરી હતી. પરંતુ પ્રશાસન કોઈક કારણસર ભરચક ઉંઘમાં જ રહ્યું હતું અને સમયસર કોઈ જ પગલાં ભર્યા ન હતા. પરંતુ આખરે ગત શનિવાર તા.૨૮મી જૂન, ૨૦૨૫ના રોજ પ્રશાસન ઉંઘમાંથી જાગ્યું અને જર્જરિત ટાંકીને જમીનદોસ્ત કરી હતી.

પ્રાપ્ત માહિતી પ્રમાણે મેડસિંગી ખાતેની ટાંકીનો વર્ષ ૨૦૧૨થી વપરાશ બંધ કરી દેવામાં આવેલ હતો, જેના કારણે આ ટાંકી જર્જરિત થઈ ગઈ હતી. આ જર્જરીત ટાંકીના કારણે નજીકમાં આવેલ કેટલાક ઘરોને નુકસાન થવાની દહેશતને ધ્યાનમાં લઈ ગ્રામજનો દ્વારા દાનહ જિલ્લા કલેક્ટર સહિત લાગતા વળગતા તમામ વિભાગને ટાંકીનું સત્વરે ડિમોલીશન કરવા રજૂઆત કરવામાં આવી હતી, જેને ધ્યાનમાં લઈ પીડબ્લ્યુડી વિભાગ દ્વારા ટાંકીના ડિમોલિશન માટે ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરી શનિવારના રોજ ડ્રિલિંગ મશીન દ્વારા કોઈને નુકસાન નહીં થાય તે રીતે પાણીની ટાંકીનું ડિમોલિશન કરવામાં આવ્યું હતું.


દાનહઃ દૂધની ખાતેની જર્જરીત બનેલી પીવાના પાણીની ઓવરહેડ ટાંકીનું ડિમોલિશન કરવા ગ્રામજનો દ્વારા જિ.પં.ના સી.ઈ.ઓ.ને કરાઈ રજૂઆત

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
સેલવાસ, તા.૦૬

દાદરા નગરી હવેલીના દૂધની ગામે મેડસીંગીમાં આવેલ પીવાના પાણીની ટાંકીના પાયા સહિતની પરિસ્થિતિ જર્જરીત થઈ જવાને કારણે ડિમોલિશન કરવા જિલ્લા પંચાયતજન સી.ઈ.ઓ.ને લેખિત રજૂઆત કરવામાં આવી છે. દૂધની મેડસીંગી ગામે વર્ષ ૨૦૦૦ની સાલમાં શ્રી કિશનભાઈ માલદુ ખાંજોડીયાના માલિકીની જમીનમાં બનાવવામાં આવેલ પીવાના પાણીની ટાંકી બનાવવામાં આવી હતી. જે ટાંકીનો વર્ષ ૨૦૧૨થી કોઈપણ પ્રકારનો વપરાશ કે ઉપયોગ કરવામાં આવતો નથી. જેથી આ ટાંકીના પાયા સહિત સ્ટ્રકચરની સ્થિત અને મજબૂતાઈ કમજોર થઈ જવા પામી છે અને હાલમાં સ્લેબ પણ તૂટી જવાથી અંદરના સળિયા દેખાય રહ્યા છે જેના કારણે પરિસ્થિતિ ગંભીર છે.

આ ટાંકીની આજુબાજુમાં જયી ૫ ઘરો પણ આવેલા છે. જો અચાનક આ ટાંકી પડી જાય તો આજુબાજુના ઘરો અને માણસોને પણ ભારી માત્રામાં જાનહાનિ, માલહાની થાય તેવી પરિસ્થિતિ દેખાય છે. જેથી આ વાતની ગંભીરતાને ધ્યાનમાં લઈ તાત્કાલિક ધોરણે આ પાણીની ટાંકીનું ડિમોલિશન કરવા માટે શ્રી સુનિલભાઈ ખાંજોડિયા સહિત ગ્રામજનો દ્વારા જિલ્લા પંચાયત સી.ઈ.ઓ.ને રજૂઆત કરી આ ટાંકીનું ડિમોલિશન કરવા માંગ કરી છે.





## દમણ અને દીવના સાંસદ બન્યાના ૧૩ મહિનામાં ઉમેશભાઈ પટેલે પ્રદેશના લોકોના વિકાસ અને કલ્યાણ માટે કયા કામો કર્યા?

### દમણ અને દીવમાં ૧૯૮૭થી લઈ અત્યાર સુધી ચૂંટાયેલા પાંચ સાંસદોમાં પ્રદેશના હિતમાં સૌથી કંગાળ પ્રદર્શન વર્તમાન સાંસદશ્રીનું..!




દમણ અને દીવમાં ૧૯૮૭થી લઈ અત્યાર સુધી ચૂંટાયેલા પાંચ સાંસદોમાં પ્રદેશના હિતમાં સૌથી નબળું પ્રદર્શન વર્તમાન સાંસદ શ્રી ઉમેશભાઈ પટેલનું રહ્યું હોવાનું દેખાય છે. સાંસદ બન્યાના ૧૩ મહિનામાં શ્રી ઉમેશભાઈ પટેલે પોતાના મત વિસ્તારના વિકાસ અને કલ્યાણ માટે એક પણ કામ કરી શક્યા નથી. જે હકીકત છે. તેઓ પોતાના એક વર્ષના કાર્યકાળના સરવૈયામાં લોકસભામાં પૂછેલા પ્રશ્નો અને કરેલી રજૂઆતનો હવાલો આપી પોતાના કેટલાક બચેલા ટેકેદારોની વાહ વાહ મેળવવાની નાકામિયાબ કોશિષ અવશ્ય કરી રહ્યા છે, સંસદમાં કરેલી રજૂઆત અને પૂછેલા પ્રશ્નોની સચ્ચાઈના આધારે નિર્ણયો લેવાતા હોય છે.

દમણ અને દીવમાં પાઈપલાઈન મારફત પાણીની સુવિધા તમામ ગામો અને વિસ્તારોમાં આવી ચુકી છે. દમણ અને દીવના ૯૦ ટકા ઘરોને પાણીના નળ સાથે જોડવામાં આવ્યા છે. પરંતુ તાજેતરમાં ચાલી રહેલા વિકાસ કામોના કારણે પાણીની લાઈનમાં અવરોધ આવતાં અથવા તેને ખસેડવાની આવશ્યકતા પડતાં કેટલાક ઘરો 'નળથી જળ'ની સુવિધાથી વંચિત અવશ્ય રહ્યા હતા, પરંતુ તે હંગામી સ્થિતિ હતી. જેને મુદ્દો બનાવી સાંસદ મહોદયે પાર્લામેન્ટમાં જણાવ્યું કે, દમણ-દીવના ૯૦ ટકા ઘરોને નળના જોડાણ નથી મળેલા અને ગ્રામ પંચાયતના સરપંચોએ ખોટે ખોટું સર્ટીફિકેટ આપ્યું છે. આ રીતે સમગ્ર દેશ અને સંસદને ગુમરાહ કરવાથી સમસ્યાનું નિરાકરણ નથી આવતુ તેની સમજ પણ સાંસદશ્રીએ રાખવાની ખાસ જરૂરિયાત છે.

૧૯૮૭માં પહેલી વખત લોકસભાની દમણ અને દીવ બેઠકની ચૂંટણીમાં વિજેતા બનેલા શ્રી ગોપાલભાઈ કે. ટંડેલ(દાદા)એ પોતાના ટૂંકા કાર્યકાળમાં અનેક નવી યોજનાઓ કાર્યાન્વિત કરાવવા સફળ રહ્યા હતા. આજે દેવકા બીચને અસ્તિત્વમાં લાવવાનું શ્રેય શ્રી ગોપાલ દાદાના ફાળે જાય છે.

અપક્ષ તરીકે ૧૯૮૯માં વિજેતા બનેલા શ્રી દેવજીભાઈ ટંડેલે સાંસદ તરીકે પ્રદેશને ભ્રષ્ટાચાર મુક્ત બનાવવા પોતાના શ્રેષ્ઠ પ્રયાસો કર્યા હતા અને તેનું પરિણામ પણ મળ્યું હતું. કોંગ્રેસના સાંસદ હોવા છતાં શ્રી ડાહ્યાભાઈ પટેલે ૨૦૦૪માં ભાજપની સરકારમાં નાની અને મોટી દમણને જોડતા પુલનું ખાતમુહૂર્ત કરાવવા સફળ રહ્યા હતા.

૨૦૦૯માં દેશમાં કોંગ્રેસનું શાસન હોવા છતાં ભાજપના સાંસદ તરીકે શ્રી લાલુભાઈ પટેલે પાંચ વર્ષ દરમિયાન દમણ-દીવમાં અનેક કામો પણ કરાવ્યા હતા અને લોકોની સમસ્યાને પણ દૂર કરાવવા સફળ રહ્યા હતા.

દેશમાં ૨૦૧૪માં મોદી સરકારના આગમન બાદ છેલ્લા ૧૧ વર્ષમાં દમણ-દીવ અને દાદરા નગર હવેલીમાં જે વિકાસ થયો છે અને થઈ રહ્યો છે તે અભૂતપૂર્વ છે. દમણ અને દીવના વિવિધ વિકાસ પ્રોજેક્ટોની તકતી ઉપર પૂર્વ સાંસદ શ્રી લાલુભાઈ પટેલના જેટલા નામો લાગ્યા છે તેટલા ભાગ્યે જ દેશમાં કોઈ સાંસદના નામની વિકાસના કામોમાં તકતી લાગી હશે.

**દમણ અને દીવના વિવિધ વિકાસ પ્રોજેક્ટોની તકતી ઉપર પૂર્વ સાંસદ લાલુભાઈ પટેલના જેટલા નામો લાગ્યા છે તેટલા ભાગ્યે જ દેશમાં કોઈ સાંસદના નામની વિકાસના કામોમાં તકતી લાગી હશે..!**

અમારો કહેવાનો આશય એ છે કે, બોલવાથી બોર અવશ્ય વેચાય છે અને બોલી બોલીને સાંસદ પણ બની ગયા છે. પરંતુ ક્યાં અને કેટલું કેવું બોલવું તેની કળા હસ્તગત હોય તો જ લોકોની સમસ્યાને દૂર કરી શકાય એ પણ સમજવું ખુબ જરૂરી છે. શ્રી લાલુભાઈ પટેલે હંમેશા તોલમોલ કરીને બોલી મોટાભાગે લોકોની સમસ્યાને દૂર કરવાની કોશિષ કરી હતી. તેઓ હંમેશા વિકાસની સાથે રહ્યા હોવાના કારણે જ આજે પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલ બાદ સાંસદ તરીકે શ્રી લાલુભાઈ પટેલનો કાર્યકાળ લોકો યાદ રાખશે. **(ક્રમશઃ)**

### સોમવારનું સત્ય

ચૂંટણી પહેલાં અને પરિણામ પછી શ્રી ઉમેશભાઈ પટેલે લોકોને આપેલા વચનનું કેટલું પાલન કર્યું અને પોતાના ટેકેદારોનો ખરાબ સમય નહીં આવે તે માટે કેવી તકેદારી રાખી તે પણ સમજવું ખુબ જરૂરી છે. કારણ કે, જુઠ્ઠાણા ઉપર રચાયેલો પાયો લાંબો સમય ટકતો નથી તે જગજાહેર સત્ય છે.

## શનિવારની મોડી રાત્રિએ ફૂંકાયેલા ભારે પવનમાં અથોલાના હોળી ફળિયામાં પાંચ ઘરના પતરાં ઉડ્યા



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૨૯**

દાદરા નગર હવેલીમાં શનિ-રવિવારની મોડી રાત્રે ભારે પવન ફૂંકાયો હતો સાથે વરસાદ પણ વરસ્યો હતો. ભારે પવનના કારણે સાયલી પંચાયતના અથોલા ગામના હોળી ફળિયામાં પાંચ ઘરના પતરા ઉડી જવાની ઘટના બની હતી. કેટલાક ઝાડો પણ તૂટી ગયા હતા. જેના કારણે ઘણું નુકસાન થવા પામ્યું હતું.

જિલ્લા પ્રશાસનની ટીમ દ્વારા સ્થળ ઉપર પહોંચી સર્વે હાથ ધર્યો હતો અને દરેક પ્રભાવિત પરિવારોને આર્થિક સહાયતા આપવાનું આશ્વાસન આપ્યું હતું.




## સુવિચાર - સદ્‌વિચાર

જો કોઈ વ્યક્તિ તમારી સામે ઝુકી ને નમ્રતાથી વાત કરે તો માનવું કે તેનુ કદ તમારાથી ચોક્કસ મોટુ હશે.

## કવિતા

### અતિકૃપા ભગવાને કરીને, આપી સુંદર કાયા છે

અતિકૃપા ભગવાને કરીને, આપી સુંદર કાયા છે,
આ તો થાપણ છે ઈશ્વરની, જેને સહુને બનાવ્યા છે,
મનનું માનીને તૂં મૂરખ, વ્યર્થ જ કષ્ટ ઉઠાવે છે,
મારૂં મારૂં કહીને મૂરખ, ખોટો અહમ્ વધારે છે,
ભવ્ય ઈમારત, કુટુંબ-પરીવાર, આ તો સઘળી માયા છે,
દ્રશ્યમાન છે સકળ વિનાશી, હરતી ફરતી છાયા છે,
જે જે વસ્તુ છે જગમાંહી, પ્રભુ તણી જે માને છે,
એ જ કમળવત્ નિર્લેપ રહીને, સાર આ જગનો જાણે છે,
જેનું છે તન તેનું જ સમજો, આ બધું સર્જનહારનું છે,
કહે અવતાર આ પહેલી પ્રતિજ્ઞા, તન-મન-ધન નિરાકાર(પ્રભુ)નું છે.

- વિનોદ માછી

## આજની જોક

ગજબ : સ્ટ્રેટ વાળવાળી સ્ત્રીઓને કર્લીવાળ જોઈએ છે અને કર્લી વાળવાળી સ્ત્રીઓને સ્ટ્રેટ વાળ જોઈએ છે. પુરુષો બિચારા સાવ સીધા હોય, એમને ફક્ત એમના માથાના વાળ ટકી રહે બસ એટલું જ જોઈએ છે..!

## કબીર વાણી

**જિહિ ઘટ પ્રીતિ ન પ્રેમસર, યુવિ રસના નહિં રામ,**
**તે નર ઈસ સંસાર મેં, ઉપજિ ભયે બેકામ**

**- અર્થાત-**

કબીરદાસજી ઉપરના દોહાથી જણાવે છે કે જેના શરીરમાં પ્રીતિ અને પ્રેમસર ન હોય અને જેની જીભ ઉપર રામનું નામ ન હોય તે મનુષ્યે આ સંસારમાં જન્મીને નકામો ધક્કો ખાધા બરાબર છે.

## આજનો દિન વિશેષ

### પ્રિયંકા નાયર

પ્રિયંકા નાયર એક ભારતીય અભિનેત્રી છે જે મુખ્યત્વે મલયાલમ ફિલ્મ ઉદ્યોગમાં કામ કરે છે. તેણીએ ૨૦૦૬ માં તમિલ ફિલ્મ વેયિલથી શરૂઆત કરી હતી. તેણીએ વિલાપંગલકપ્પુરમમાં તેણીની ભૂમિકા માટે ૨૦૦૮ માં શ્રેષ્ઠ અભિનેત્રીનો કેરળ રાજ્ય ફિલ્મ પુરસ્કાર જીત્યો હતો.

પ્રિયંકાએ ઉચ્ચતર માધ્યમિક શાળા પ્રમાણપત્રનો અભ્યાસ પૂર્ણ કર્યો અને તિરુવનંતપુરમની માર ઈવાનિયોસ કોલેજમાંથી ભૌતિકશાસ્ત્રનો અભ્યાસ કર્યો. તે સમય દરમિયાન, તે ઉમાક્કુયિલ, મેઘમ અને આકાશદૂથુ સહિત અનેક મલયાલમ ટેલિવિઝન શ્રેણીઓમાં પાર્ટ-ટાઈમ અભિનય પણ કરતી હતી. તેણીએ સિરિયલોમાં અભિનયને ''માત્ર સમય પસાર'' માન્યું હતું અને ઉમેર્યું હતું કે તેણીનો ક્યારેય ફિલ્મોમાં અભિનય કરવાનો ઈરાદો નહોતો, પરંતુ તે લેક્ચરર બનવા માંગતી હતી.

પ્રિયંકાએ ૨૩ મે ૨૦૧૨ ના રોજ તિરુવનંતપુરમના અટ્ટુકલ મંદિરમાં તમિલ ફિલ્મ દિગ્દર્શક અને અભિનેતા લોરેન્સ રામ સાથે લગ્ન કર્યા. તેમને એક પુત્ર મુકુંદ છે, જેનો જન્મ ૧૮ મે ૨૦૧૩ ના રોજ થયો હતો. આ દંપતીએ ૨૦૧૫ માં છૂટાછેડા માટે અરજી કરી હતી.

તેણીએ દિગ્દર્શક શંકર દ્વારા નિર્મિત વસંતબાલન-દિગ્દર્શિત તમિલ ડ્રામા ફિલ્મ વેયિલ (૨૦૦૬) થી પોતાની ફીચર ફિલ્મમાં પ્રવેશ કર્યો હતો, જેમાં તેણીએ પશુપતિ સાથે અભિનય કર્યો હતો. તેણીની પહેલી મલયાલમ ફિલ્મ કિચમની એમબીએ (૨૦૦૭) હતી જેમાં તેણીએ સહાયક ભૂમિકા ભજવી હતી. પછીના વર્ષે તેણીએ ટી. વી. ચંદ્રનની વિલાપંગલક્કપ્પુરમમાં સુહાસિની અને બીજુ મેનન સાથે અભિનય કર્યો હતો; તેણીના અભિનયથી તેણીને શ્રેષ્ઠ અભિનેત્રીનો કેરળ રાજ્ય ફિલ્મ પુરસ્કાર મળ્યો હતો. રેડિફે તેણીને ૨૦૦૯ ની ટોચની મલયાલમ અભિનેત્રી તરીકે નામ આપ્યું હતું, કારણ કે તેણી ''એક આકર્ષક અભિનય સાથે આવી હતી. તેણી ઈવિદમ સ્વર્ગમાનુમાં મોહનલાલ સાથે દેખાયા પછી લોકપ્રિયતામાં વધારો થયો. પ્રિયંકાને તેણીની રોયલ એનફિલ્ડ બુલેટ મોટરસાયકલ ચલાવવી ખૂબ ગમે છે.

કેરળ રાજ્ય ફિલ્મ પુરસ્કાર

૨૦૦૮ - શ્રેષ્ઠ અભિનેત્રી માટે કેરળ રાજ્ય ફિલ્મ પુરસ્કાર - વિલાપંગલક્કપ્પુરમ

## આજની અધ્યાત્મ સફર : ગહનો કર્મણો ગતિ

ભગવાન શ્રી કૃષ્ણે સ્વમુખે ગીતામાં કહ્યું છે કે, કર્મની ગતિ ગહન છે, શ્રી કૃષ્ણના મિત્ર સુદામાજી કમની ગહનતા ગાતાં કહે છે.

**ગહન દીહે છે કર્મની ગતિ,**
**એક ગુરુના બેઉ વિદ્યાર્થી,**
**તે થઈ બેઠો પૃથ્વીપતિ,**
**મારા ઘરમાં ખાવા રજ નથી,**
**રમાડતો ગોકુળ માંકડા,**
**ગુરુને ઘેર લાવતો લાકડાં,**
**તે આજ બેઠો સિંહાસન ચઢી,**
**મારે તુંબડીને લાકડી.**

કર્મની ગતિ અટપટી છે, કારણ કે જીવન અટપટું છે. એક માણસ દુ:ખી કેમ અને બીજો સુખી કેમ? વધારે આશ્ચર્ય તો એ દેખાય છે કે હરામખોરો, લુચ્ચાઓ, કાળાબજારિયાઓ, લાંચ લેનારાઓ સુખી દેખાય છે. તેમની પાસે બંગલા, મોટરો, પંખા, ટીવી, લાખો રૂપિયા છે. જ્યારે ન્યાય, નીતિ ધર્મથી પવિત્ર જીવન જીવનાર લોકો દુ:ખી દેખાય છે, ત્યારે આપણી ઈશ્વરમાંથી શ્રદ્ધા ડગી જાય છે. સૃષ્ટિના સંચાલનમાં કોઈ કાયદો કાનુન હશે કે નહી? કે બધું અંધેર ચાલે છે? આવો પ્રશ્ન થાય છે. આવું જોઈને આપણે કેટલીક વખત એમ લાગે છે કે 'ખુદા કે ઘર દેર ભી નહી હૈ ઔર અંધેર ભી નહી હૈ' આ વાતને યથાર્થ રીતે સમજવા માટે કર્મના કાયદાનો અભ્યાસ કરવાની જરૂર છે.

**કર્મનો અટલ સિદ્ધાંત :** દુનિયાના દરેક ડિપાર્ટમેન્ટને ચલાવવા અને નિયંત્રણમાં રાખવાના કાયદા ઘડાયેલા હોય છે. પોલીસ ખાતા માટે પોલીસ હોય છે. ન્યાય માટે ઈન્ડિયન પીનલ કોડ છે રેવન્યુ ખતા માટે લેન્ડ રેવન્યુ કોડ અને રૂલ્સ હોય છે રેલવે ખાતાના પણ કડક કાયદા ઘડેલા છે. તેવી જ રીતે આખી સૃષ્ટિના અનેક બ્રંહ્માંડોના સંચાલન માટે પણ કાયદા ઘડેલા હોય છે.

# કપરાડાના વીરક્ષેત્ર સુથારપાડા ખાતે લાયન્સ ક્લબની સેવાકીય પ્રવૃત્તિઓ



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૯**

હાલના લાયન્સ ગવર્નર શ્રી પરેશભાઈ પટેલના સૌમ્ય સ્વભાવ અને વહીવટી સ્વાનુભવના કારણે સમગ્ર વર્ષ દરમિયાન અનેકવિધ સેવાપ્રવૃત્તિઓ સતત થઈ રહી છે. હાલમાં જ લાયન્સ ડિસ્ટ્રિક્ટ ૩૨૩૨એફ ટુ ના રીજીયન પાંચ અને ૬ ના પરિવારે, ડિસ્ટ્રિક્ટ ગવર્નર શ્રી પરેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ 'વન ડિસ્ટ્રિક્ટ, વન એક્ટિવીટી' અંતર્ગત વિવિધ પ્રવૃત્તિઓ કરી, જેમાં લાયન્સ ક્લબ વલસાડ તિથલ રોડ અને લ્યુનાર મોટર્સ પ્રા.લિ, વલસાડના અનુદાનથી વીરક્ષેત્ર પ્રાથમિક શાળાના ચાર મકાનોના ૮ ઓરડા ઉપર છ લાખના ખર્ચે પતરાંના શેડ બાંધીને ચારેય મકાનાનું રંગકામ કરાયું હતું.

વલસાડના દાનવીર એવા ભૂતપૂર્વ ગવર્નર લાયન શ્રી વસંતભાઈ પટેલના સૌજન્ય અને પ્રેરણાથી થયેલા પ્રોજેક્ટનું ઉદ્ઘાટન મૃદુભાષી ડીસ્ટ્રીકટ ગવર્નર શ્રી પરેશભાઈ પટેલે કર્યુ હતું.ત્યારબાદ લાયન્સ ક્લબ ઉદવાડા અને ૧૦૧ વર્ષ જૂની પટેલ નર્સરી ફાર્મના લાયન શ્રી બિપીનભાઈ પટેલ અને શ્રીમતી અંજનાબેન પટેલના સૌજન્યથી ૨૦૦ વૃક્ષો વિરક્ષેત્રના જાનકી છાત્રાલય ખાતે રોપવામાં આવ્યા. જેમાં શરૂઆતમાં વૃક્ષારોપણ કરનાર મહાનુભાવોના નામનાં બોર્ડ લગાવવામાં આવ્યા. ત્યારબાદ વીરક્ષેત્ર પ્રાથમિક શાળા અને જાનકી છાત્રાલયના ૨૦૦ બાળકો, વાલીઓ તથા મહેમાનો મળી ૩૫૦ લોકોના સસુરુચિ ભોજન લાયન્સ ક્લબ વાપી ગ્રેટર, લાયન્સ વલસાડ તિથલ રોડ, લાયન્સ ક્લબ ઉદવાડા, સેલવાસના લાયન શ્રી અતુલભાઈ શાહ અને રીજીયન ચેરપર્સન લાયન શ્રીમતી મિનાક્ષી સંજીવ કેસરવાનીના સૌજન્યથી યોજવામાં આવ્યો હતો. ત્યારબાદ વીરક્ષેત્ર શાળાની કન્યાઓને પડતી પાણીની સમસ્યાને ધ્યાને લઈને ૩૦૦ ફૂટ ઊંડા બોર સુરતના દાતાના પચાસ હજારના ખર્ચે બનાવવામાં આવ્યો અને ઉપસ્થિત સભ્યોના અનુદાનથી પચાસ હજારના ખર્ચે સબમર્સિબલ પંપ મુકવામાં આવ્યો. જેનું લોકાર્પણ મૃદુભાષી ગવર્નર શ્રી પરેશભાઈ પટેલ અને વલસાડના ઉદ્યોગપતિ અને દાનવીર ભૂતપૂર્વ લાયન્સ ગવર્નર શ્રી વસંતભાઈ પટેલના વરદહસ્તે કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સભામાં ટ્રસ્ટી શ્રી બી.એન.જોષીનાં માર્ગદર્શનમાં કન્યાઓ દ્વારા પ્રાર્થના, સ્વાગત ગીત અને સાંસ્કૃતિક નૃત્ય રજૂ થયાં, જેમને લાયન સભ્યોએ ઈનામ સ્વરૂપે સન્માનિત કર્યાં. આભારવિધિ લાયન શ્રી પાલેશભાઈ ખમાર અને જાનકી છાત્રાલયના શ્રી પ્રમોદભાઈ પટેલે કરી હતી, જ્યારે સફળ સંચાલન શ્રી સતીશભાઈ પટેલે કર્યુ હતું.

સમગ્ર કાર્યક્રમમાં મૃદુભાષી ગવર્નર શ્રી પરેશભાઈ પટેલ, વીડીજી વન શ્રી હેમલભાઈ પટેલ, વીડીજી ટુ શ્રીમતી પ્રિયંકા જૈન રાવલ, ડિસ્ટ્રીક્ટના પ્રથમ લેડી શ્રીમતી હિનાબેન પરેશભાઈ પટેલ, ડિસ્ટ્રીક્ટ ટ્રેઝરર શ્રી નગીનભાઈ પટેલ, ઉદવાડાના લાયન શ્રી બિપીનભાઈ પટેલ અને શ્રીમતી અંજનાબેન પટેલ, શ્રી ગિરીશભાઈ પટેલ તેમજ સન્માનિય ભૂતપૂર્વ ગવર્નર લાયન શ્રી વસંતભાઈ પટેલ અને નોલેજેબલ ભૂતપૂર્વ ગવર્નર લાયન શ્રી પી.ડી.ખેડકરે હાજરી આપી હતી.

વલસાડથી દુર ૭૫ કિલોમીટર દુર વનરાજીથી છવાયેલા અંતરિયાળ વિસ્તારોમાં આ ભવ્ય પ્રોગ્રામનું આયોજન પ્રોજેક્ટ ચેરપર્સન લાયન શ્રી રામસિંહ દેસાઈ સાથે કો-ચેરપર્સન લાયન શ્રી સતીશભાઈ પટેલ, લાયન શ્રી કિર્તી ખિલોસીયા દ્વારા ભારે જહેમત ઉઠાવીને કરવામાં આવ્યું હતું.

**કુબાવત ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા અને ઉનાનાં નામાંકિન ડોક્ટરોના સહયોગથી**

# સીમર ખાતે ૪૦૦થી વધારે લોકોનું નિદાન કરાયું




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દીવ, તા.૨૯**

આજરોજ તારીખ ૨૯-૬-૨૦૨૬ના રોજ ઉના તાલુકાના છેવાડાના સીમર ખાતે કુબાવત ચેરીટેબલ ટ્રસ્ટ દેલવાડા-ઉના દ્વારા આયોજિત અને ઉના ડોક્ટરોના સહયોગ સીમર મુકામેં નિ:શુલ્ક ફ્રી સર્વ રોગ નિદાન કેમ્પ કરવામાં આવ્યો હતો. જેમાં ડો.તપન ડોડીયા મેડિસિન આઈ.સી.યુ. ક્રિટિકલ કેર સ્પેશિયાલિસ્ટ અને ડો. સંજય રામડો. શ્રી સંજય રામ ઉપસ્થિત રહ્યા હતા.

પ્રસૂતિ, સ્ત્રી રોગ નિષ્ણાંત અને લેપ્રોસ્કોપીક સર્જન ડો.નિશાંત મનાણી હાડકાંના સર્જન, ડો. રમેશભાઈ સોલંકી ડેન્ટલ સર્જન તથા ડો. ગ્રીષા મનાણી ચામડી તેમજ એલર્જીના નિષ્ણાંત, ડો. અતિક રવાના કાન, નાક, ગળાના સર્જન તેમજ ડો. ભાવિન બાબરીયા ફેમિલી ફેમિલીઝેશન આવા વિવિધ વિભાગના ડોક્ટરોની ટીમ હેઠળ અંદાજિત ૪૦૦થી વધુ દર્દીઓએ આ નિ: શુલ્ક કેમ્પનો લાભ લીધો હતો. આ કેમ્પમાં બી.પી., સુગર, અને દર્દીઓને જરૂરી દવાઓ પણ નિ:શુલ્ક આપવામાં આવી હતી. આ અગાઉ પણ શ્રી કુબાવત ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ઘણા નિ:શુલ્ક કેમ્પ અલગ અલગ ગામડે નામાંકિત ડોક્ટરોની ટીમ બોલાવી કરવામાં આવ્યા હતા.

વધુમાં કુબાવત ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ શ્રી એચ.આઈ.કુબાવત દ્વારા એવું જણાવેલ કે આવનારા સમયમાં પણ ટ્રસ્ટ દ્વારા આરોગ્યને લગતા, શિક્ષણને લગતા, અબોલ પશુ પક્ષીઓને લગતાં જેવા વિવિધ માનવસેવા એજ પ્રભુ સેવાની ઉક્તિ સાર્થક થાય તેવા કાર્યક્રમો કરવામાં આવશે.

# વલસાડ જિલ્લાની તમામ અદાલતોમાં વર્ષ-૨૦૨૫ની બીજી નેશનલ લોક અદાલત તા.૧૨ જુલાઈએ યોજાશે

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા. ૨૯**

નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા લોકોને ઝડપી અને અસરકારક ન્યાય મળી રહે તે માટે સમયાંતરે જરૂરી પગલાં ભરવામાં આવતા હોય છે અને સુપ્રિમકોર્ટ સંચાલિત રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળ, રાજ્યની હાઈકોર્ટ સંચાલિત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ, જિલ્લા સ્તરે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ અને તાલુકા સ્તરે તાલુકા કાનૂની સેવા સમિતી દ્વારા વિવિધ કોર્ટોમાં તેની અમલવારી કરવામાં આવતી હોય છે.

જે અભિગમનાં ભાગરૂપે સમયાંતરે દેશભરમાં રાષ્ટ્રીય લોક અદાલતનું આયોજન કરવામાં આવે છે. આ લોકઅદાલતમાં સમાધાન લાયક ફોજદારી કેસો, દિવાની કેસો અને પ્રિ-લીટીગેશન કેસોમાં શક્ય તેટલો ઝડપથી અને સંતોષકારક ન્યાય અપાવવા પ્રયાસ થાય છે. વલસાડ જિલ્લામાં પણ આગામી તા.૧૨/૦૭/૨૦૨૫ નાં રોજ અધ્યક્ષશ્રી, જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળનાં માર્ગદર્શન હેઠળ વલસાડ જિલ્લા અદાલત તેમજ જિલ્લાની તમામ તાલુકા અદાલતોમાં રાષ્ટ્રીય લોક અદાલતનું આયોજન કરવામાં આવેલ છે. આ લોક અદાલતમાં પડતર કેસો જેવા કે, ક્રિમીનલ કંપાઉન્ડેબલ કેસો, ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ અન્વયેનાં (ચેક રિટર્નનાં) કેસો, લગ્ન વિષયક તકરારનાં કેસો, મોટર અકસ્માત વળતરને લગતાં કેસો, જમીન સંપાદન વળતરનાં કેસો, દિવાની દાવા જેવા કે ભાડા/ભાડુઆતને લગતા કેસો, મનાઈ હુકમ-જાહેરાત-કરાર પાલન વિગેરે સંબધિત દાવા તેમજ બેન્ક-ફાયનાન્સ કંપનીનાં? વસુલાતનાં કેસો, વિજ બીલનાં વસુલાતનાં કેસો, ટેલિફોન-મોબાઈલ કંપનીઓનાં બિલનાં વસુલાતનાં કેસો વિગેરે જેવાં પ્રિ-લીટીગેશન કેસો લેવામાં આવશે.

ટ્રાફીક ઈ-ચલણનાં વસુલાતનાં કેસો લેવામાં આવશે કે, જેમાં ઈ-ચલણનાં નાણાંની ચૂકવણી કરી દેવાથી ભવિષ્યમાં તે અંગે કોઈ કાયદેસરની કાર્યવાહી થશે નહી. જેથી આ લોક અદાલતનો જાહેર જનતા વધુમાં વધુ લાભ લે અને લોક અદાલતનાં દિવસે તા.૧૨/૦૭/૨૦૨૫ના રોજ સંબધિત અદાલત સમક્ષ હાજર રહે તેવી અપીલ છે તેમજ વધુ માહિતી માટે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળની કચેરીનો સંપર્ક સાધવા જણાવવામાં આવ્યું છે.

**જ્યોતિ કળશ યાત્રાનું આગમન થતાં**

# દીવ ઘોઘલાની બહેનો દ્વારા સ્વાગત તથા આરતીનું આયોજન કરાયું



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દીવ, તા.૨૯**

સંઘપ્રદેશ દીવ ખાતે તારીખ૨૫ના રોજ હરિદ્વારથી જ્યોતિ કળશ યાત્રા દીવ ખાતે પહોંચી હતી, વંદનીય માતાજી ભગવતી દેવી શર્માજીની જન્મ શતાબ્દીના ઉપલક્ષમાં પૂજ્ય આચાર્યએ પ્રગ્ટાવેલી જ્યોતિની કળશ યાત્રા હરિદ્વારથી નીકળી આ જ્યોતિ કળશ યાત્રાનું દીવ ખાતે આગમન થતાં વિવિધ જગ્યા પર ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.



દીવ ગાયત્રી પરિવાર દ્વારા દીવ જિલ્લાના વિવિધ સ્થળોએ આ જ્યોતિ કળશનું ભવ્ય સ્વાગત થયું હતું. આજે દીવ ખાતે આ યાત્રાનો છેલ્લો દિવસ ઘોઘલા ખાતે હતો. આજે કાજીમામ ખાતે વૈશાલી બામણીયા, હેમાક્ષી રાજપૂત તથા અનેક ભક્તો દ્વારા જ્યોતિ કુંભને ફુલહાર પહેરાવી, આરતી ઉતારી સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ઘોઘલા ખાતે યાત્રાના મુખ્ય માર્ગો પરથી જ્યોતિ કળશ યાત્રા નિકળી હતી. શાળાની વિધાર્થીનીઓ શિક્ષકો વગેરેએ પણ જ્યોતિ કળશનું સ્વાગત કર્યુ હતું.

# મનિકા પ્લાસ્ટેક લિ.આઈપીઓ માટે સેબીમાં ડીઆરએચપી ફાઈલ કર્યુ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સુરત, તા.૨૯**

ડિઝાઈન સંચાલિત, પ્રિસિઝન એન્જિનિયર્ડ, રિજિડ પોલીમર પેકેજિંગ મેન્યુફેક્ચરિંગ કંપની મનિકા પ્લાસ્ટેક લિમિટેડે આઈપીઓ માટે સેબીમાં ડીઆરએચપી ફાઈલ કર્યુ છે. રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ દ્વારા ઓફર કરવામાં આવનારા ઈક્વિટી શેર્સનું બીએસઈ લિમિટેડ અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડપર લિસ્ટિંગ કરવાની યોજના છે.

પેન્ટોમેથ કેપિટલ એડવાઈઝર્સ પ્રાઈવેટ લિમિટેડ આ ઈશ્યૂના બુક રનિંગ લીડ મેનેજર છે. હાલમાં કંપનીની કામગીરી દાદરામાં, હોસુર, પાણીપત, ઉના અને દહેરાદૂન સાત ઓપરેટિંગ ફેસિલિટીઝ અને પાંચ વેરહાઉસમાં ફેલાયેલી છે.

મનિકા પ્લાસ્ટેક લિમિટેડ કેલેન્ડર વર્ષ ૨૦૨૩/ નાણાંકીય વર્ષ ૨૦૨૪માં રિસાયકલ કરેલ પોલીમર / પોસ્ટ-કન્ઝ્યુમર રિસાયકલ્ડ પ્રોસેસિંગ આઉટ પુટ માટેની ટોચની ત્રણ કંપનીઓમાંની એક છે. પબ્લિક ઓફરમાં કંપની દ્વારા રૂા. ૧,૧૫૦ મિલિયન સુધીના મૂલ્યના ઈક્વિટી શેર્સના ફ્રેશઈશ્યૂ અને પ્રમોટર સેલિંગ શેર હોલ્ડર્સ વૃંદા હોલ્ડિંગ ટ્રસ્ટ દ્વારા પ્રત્યેક રૂા. ૨ની ફેસવેલ્યુના ૧૫ મિલિયન સુધીના ઈક્વિટી શેર્સના વેચાણ માટેની ઓફર (ઓએફએસ)નો સમાવેશ થાય છે. નિકુંજ મોહનલાલ કાપડિયા, મુંજાલ નિકુંજ કાપડિયા, મિહિર નિકુંજ કાપડિયા, પ્રતીક નિકુંજ કાપડિયા અને વૃંદા હોલ્ડિંગ ટ્રસ્ટ આ કંપનીના પ્રમોટર છે.

# સુરતમાંથી નકલી સોનાના દાગીના બનાવતું એક કારખાનું ઝડપાયું

**દાગીના ઉપર ૧૦૦% શુદ્ધનો સિક્કો મારીને તેમાં માત્ર ૨૩% ગોલ્ડ નાખી હોલમાર્કની સિક્કો લગાવીને વેચાણ કરતા હતા : પોલીસે ૧૨ શખસોની ધરપકડ કરી**

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**સુરત, તા.૨૯**

ગુજરાતમાંછેલ્લાઘણાંસમયથી નકલીની બોલબાલા છે. નકલી અધિકારીઓ અને નકલી વસ્તુઓ કિસ્સાઓ વધ્યા છે. ત્યારે હવે સુરતનાસરથાણાવિસ્તારમાંનકલી સોનાના દાગીના બનાવતી ગેંગ ઝડપાઈ છે. જે અસલી સોનાના હોલમાર્કસાથેભેળસેળયુક્તનકલી સોનાના દાગીના વહેંચતા હતા. આ મામલે પોલીસે ૧૨ શખસોની ધરપકડ કરી છે.મળતી માહિતી અનુસાર, સુરતના સરથાણા વિસ્તારમાંથી હોલમાર્ક ખરા પરંતુ તેમા ભેળસેળયુક્ત નકલી સોનાના દાગીના બનાવતુ કારખાનુંઝડપાયું છે. આ કારખાનામાં ઉત્પાદિત થતા દાગીના ઉપર ૧૦૦% શુદ્ધનોસિક્કો મારીને તેમાં માત્ર ૨૩ % ગોલ્ડ નાખીહોલમાર્કનીસિક્કોલગાવીને વેચાણ કરતા હતા. આ અંગે પર્દાફાશ ત્યારે થયો જ્યારે મુખ્ય આરોપી વિવેક સોની સહિતના આરોપીઓયોગીચોકખાતેઆવેલા જ્વેલરી સ્ટોરમાં નકલી સોનાની ચેઈન વહેંચવા ગયા હતા. જ્વેલર્સના માલિકને સોનું નકલી જણાતા તેણે પોલીસને જાણ કરી હતી.આ મામલે પોલીસે અલગ અલગ ટીમ બનાવીને આરોપીઓ સુધી પહોંચવા તપાસ હાથ ધરી હતી. ત્યારબાદ ઉત્રાણ પોલીસ મથકની હદમાં આવેલ વેલંજા ખાતે રુદ્રાક્ષ સોસાયટીમાં પોલીસે દરોડા પાડ્યા હતા. જ્યા ઘરમાં જ અસલી સોનાના નામે ભેળસેળયુક્ત નકલી સોનાના દાગીના બનાવતા હતા. પોલીસે સ્થળ પરથી ચાર ચેઈન, ચેઈન બનાવવાનું મશીન, અને હોલમાર્કનો સિક્કો સહિતની સામગ્રી જપ્ત કરીને કુલ ૧૨ આરોપીઓની ધરપકડ છે.

પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે, મુખ્ય આરોપી વિવેક સોની સહિત ૧૨ લોકો સાથે મળી ભેળસેળયુક્તસોનુબનાવતાહતા. એક મહિનાથી આ કારખાનું ચલાવવામાંઆવતુંહતું. આ મામલે વધુ તપાસ ચાલી રહી છે.



# નાણામંત્રી કનુભાઈ દેસાઈના વરદ હસ્તે ચીખલી તાલુકાના આમધરા ખાતે ખરેરા નદી પરના નવનિર્મિત મેજર બ્રિજનું લોકાર્પણ કરાયું



-તસવીરઃ દિપક સોલંકી

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
ચીખલી,(વંકાલ), તા.૨૯

નાણામંત્રી કનુભાઈ દેસાઈના વરદ હસ્તે ચીખલી તાલુકા આમધરા ગામ ખાતે ખરેરા નદી પરના અંદાજિત ૧૦ કરોડના ખર્ચે નવનિર્મિત મેજર બ્રિજનું લોકાર્પણ કરાયું હતું.

નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સના વિભાગના કેબિનેટ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈએ આ પ્રસંગે ગ્રામજનોને અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે, તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના વિકાસ કાર્યોનું સુકાન સંભાળ્યું હતું. તેમના બાદ મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલ, સ્વ.વિજયભાઈ રૂપાણી, અને ત્યાર બાદ ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા ગુજરાતના વિકાસ કાર્યોને આગળ ધપાવ્યા છે. તે સમયે શરૂ કરવામાં આવેલ મુખ્યમંત્રી સડક યોજનામાં રોડ રસ્તાઓ માટે દરેક બજેટમાં અંદાજીત ૧૦ હજાર કરોડ ફાળવવામાં આવે છે. આજે ખરેરા નદીના બ્રિજનું લોકાર્પણ કરતી વેળા નવસારી જિલ્લા તંત્ર અને ગુજરાત સરકાર બન્ને અભિનંદનને પાત્ર છે. જેમણે પ્રજાની તકલીફને સમજીને તેના નિવારણરૂપ વિવિધ યોજનાઓ ઘડી ગ્રામ્યજીવનને વિકાસનો મોકળો માર્ગ પ્રદાન કર્યો છે.

મંત્રીશ્રીએ આ સાથે નલ સે જલ યોજના, જ્યોતિગ્રામ યોજના, આદિવાસી બાંધવો અને સાગર ખેડુઓને સ્પર્શતી વિવિધ યોજનાઓના મધ્યમથી નાગરિકોના જીવનમાં આવેલ સકારાત્મક પરિવર્તન અંગે પણ ચર્ચા કરી હતી અને અંતે લોકોની સમસ્યાઓના નિવારણ માટે આપણે સૌએ સહિયારા પ્રયાસ કરવા જોઈએ એમ અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે લોકસભા દંડક અને વલસાડ સાંસદશ્રી ધવલભાઈ પટેલે પ્રાસંગિક ઉદ્બોધન કરતા જણાવ્યું હતું કે, લોકોને વિકાસ માર્ગે લઈ જવા રોડ રસ્તાની કનેક્ટિવીટી આપવી ગુજરાત સરકારનું પ્રાધાન્ય રહ્યું છે. તેમણે આજે લોકાર્પણ થયેલા બ્રિજ પણ આ વિસ્તારનો વિકાસ માર્ગ બનશે એમ જણાવ્યું હતું.

કાર્યક્રમમાં ગણદેવી ધારાસભ્યશ્રી નરેશભાઈ પટેલે ગ્રામજનોને અભિનંદન પાઠવી આ રસ્તા સાથે સંકળાયેલા પોતાના નાનપણના દિવસોની તકલીફ ભરી સ્મૃતિ વર્ણવી હતી.

પહેલા ખરેરા નદી પર મોટો ડુબાઉ કોઝ-વે હતો જેના કારણે રસ્તો ચોમાસા દરમિયાન અવારનવાર ડુબી જતા વાહનવ્યવહાર બંધ થઈ જતા જનજીવન ખોરવાઈ જતું હતું. ખરેરા નદી પર મોટો ડુબાઉ કોઝ-વેની લંબાઈ ૨૦ ગાળા ૬ × ૫૦ મીટર છે. આ પુલ સાંકડો અને લો લેવલનો હોવાથી નવસારી જિલ્લામાં પુરનાં પાણીનાં કારણે ચોમાસામાં અવારનવાર રસ્તા ડુબી જતા હતા. જેના કારણે વાહનવ્યવહાર બંધ થઈ જતા ગ્રામ્ય જીવન ખોરવાઈ જતું હતું. આ બાબતને ધ્યાને લેતા લો-લેવલ પુલની જગ્યાએ નવો હાઈ લેવલ મેજર બ્રિજ બાંધવાની જરૂરીયાત વર્તાઇ હતી.

જે અન્વયે નવસારી જિલ્લા તંત્ર દ્વારા ચીખલી તાલુકાના પીપલગભાણ આમધરા મોગરાવાડી રૂમલા રોડ મુખ્ય જિલ્લા માર્ગ કિ.મી.૦/૦ થી ૧૧/૩ હયાત ૫.૫૦ મીટર પહોળાઈ ધરાવતો ડામર સપાટી ધરાવતો મેજર બ્રિજ માર્ગ અને મકાન વિભાગ નવસારી દ્વારા નિર્માણ કરવામાં આવ્યો છે. આ રસ્તો ચીખલી ખેરગામ ધરમપુર રોડ રાજય ધોરીમાર્ગ તથા સણવલ્લા ટાંકલ રાનકુવા રૂમલા કરંજવેરી રોડ રાજય ધોરીમાર્ગને જોડતો રસ્તો છે. આ બ્રિજના નિર્માણથી પીપલગભાણ, આમધરા, મોગરાવાડી, ધોલાર, રૂમલા ૫ જેટલા ગામોની આશરે ૨૪૬૭૨ની વસ્તીને વાહનવ્યવહાર માટે સરળતા રહેશે.

# નાણામંત્રીની કનુભાઈ દેસાઈના હસ્તે નવનિર્મિત ગુંદલાવ પ્રાથમિક શાળાનું લોકાર્પણ કરાયું




(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
વલસાડ, તા.૨૯

નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ વલસાડ તાલુકાના ગુંદલાવ ખાતે અંદાજીત રૂા. ૧.૬૮ કરોડથી વધુના ખર્ચે નવનિર્મિત ગુંદલાવ પ્રાથમિક શાળાનું લોકાર્પણ કર્યુ હતું. સાથે સાથે શાળાની વેબસાઈટ http:/gundlavprimaryschool.org પણ લોન્ચ કરી હતી.



લોકાર્પણ પ્રસંગે મંત્રીશ્રીએ સૌને અભિનંદન પાઠવતા કહ્યું હતું કે, વિદ્યાર્થીઓ સારૂ શિક્ષણ મેળવે અને ભવિષ્યમાં ખૂબ સફળ થાય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જ્યારે મુખ્યમંત્રી હતા, ત્યારે શાળા પ્રવેશોત્સવની શરૂઆત કરાવી હતી. વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે સરકારે ધોરણ ૯ થી ૧૨ના વિદ્યાર્થીનીઓ માટે સરસ્વતી અને નમો લક્ષ્મી શિષ્યવૃત્તિ યોજના શરૂ કરાવી છે. આ સ્કોલરશીપ મેળવવા માટે શિક્ષકોએ વિદ્યાર્થીઓને તૈયાર કરવા. આ શાળામાં પ્રવેશ સાથે જ વિદ્યાર્થીઓ 'માં સરસ્વતી'ની આરાધના કરે છે, જે આ શાળાનું સુંદર આયોજન છે. વલસાડના ધારાસભ્ય શ્રી ભરતભાઈ પટેલે શાળાના લોકાર્પણની શુભેચ્છા આપતા પ્રાસંગિક ઉદ્બોધન કર્યુ હતું. શાળાના આચાર્ય શ્રી રાજેશભાઈ પટેલે સ્વાગત પ્રવચન કર્યુ હતું. મંત્રીશ્રીએ શાળા બાંધકામમાં મદદ કરનાર દાતાનું સન્માન કર્યુ હતુ.

કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખશ્રી મનહરભાઈ પટેલ, તાલુકા પંચાયત પ્રમુખ શ્રીમતી મીનાબેન ઠાકોર, વલસાડ પ્રાંત અધિકારી શ્રી વિમલભાઈ પટેલ, સરપંચ નીતિનભાઈ પટેલ, જિલ્લા અને તાલુકા સંગઠનના પ્રમુખ, શાળાના શિક્ષકો, વિદ્યાર્થીઓ સહિત મોટી સંખ્યામાં મહાનુભાવો હાજર રહ્યા હતા.

# વલસાડ વિભાગ એસ.ટી. કર્મચારી મંડળની વાર્ષિક સાધારણ સભા યોજાઈ




(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૨૯

વલસાડ વિભાગ એસ.ટી.કર્મચારી મંડળની વાર્ષિક સાધારણ સભા આંબેડકર ભવન વલસાડ ખાતે રાખવામાં આવેલ જેમાં કર્મચારી મંડળના તમામ હોદ્દેદારો તેમજ સમર્થકો ઉપસ્થિત રહ્યા હતા. શ્રી દયારામ ભંડારીના પ્રમુખપણા હેઠળ આજરોજ સાધારણ સભાનું આયોજન કરેલ પ્રથમ અમદાવાદ વિમાન દુર્ઘટનામાં અકાળે અવસાન પામેલ એવાં તમામ મૃતાત્માને માટે તેમજ ધરમપુર ડેપોના ચાલુ ફરજે હૃદય રોગના હુમલો આવતા અકાળે અવસાન થયેલ શ્રી મુકેશભાઈ પટેલના આત્માને શાંતિ મળે એ માટે બે મિનિટનું મૌન પાળવામાં આવ્યું હતું.

મંડળના ખજાનચી શ્રી ભુપેશભાઈ દ્વારા હિસાબ કિતાબનું વાંચન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ૧૯મી વખત વલસાડ વિભાગના કર્મચારી મંડળના મહામંત્રી શ્રી ધનસુખ એમ.પટેલની બિન હરીફ તરીકે વર્ણી કરવામાં આવી હતી. ૧૦મી વખત કર્મચારી મંડળના પ્રમુખ તરીકે શ્રી મનોજભાઈ ડી.પટેલની વરણી કરવામાં આવી હતી. દરેક ડેપો ઉપરથી એક એક હોદ્દેદારની સંગઠન કેવી રીતે મજબૂત બનાવાઈ તેની સમજ આપી હતી.

શ્રી દયારામ ભાઈ ભંડારી દ્વારા નિવૃત થયેલ હોવા છતાં આજે પણ સંગઠન સાથે જ હોવાનું અને કોઈપણ કર્મચારીને મેમાં કે ચાર્જસીટનો જવાબ કરવાનો હોય તો રાત દિવસ હું કર્મચારીના વિનામૂલ્ય કામ કરી આપવાની બાંહેધરી આપી હતી. તમામ ડેપો ઉપરથી મોટી સંખ્યામાં ડ્રાઈવર-કંડકટર ભાઈ-બહેનો ઉપસ્થિત રહી વલસાડ વિભાગનો સંગઠન મજબૂત છે એના પુરાવાઓ આપ્યા હતા અને હજુ પણ સંગઠન મજબૂત કરીશું એવી તમામ બેઠકો ઉપરથી સંગઠનના હોદ્દેદારોએ ખાતરી આવી હતી.

વલસાડ વિભાગના આહવા, નવસારી, બીલીમોરા, ધરમપુર, વલસાડ, વાપી વિભાગીય કચેરી તેમાંજ વિભાગીય વર્કશોપથી મોટી સંખ્યામાં કર્મચારી ઉપસ્થિત રહેલ હતા અંતે શ્રી નિસારભાઈ શેખ દ્વારા આભાર વિધિ કરવામાં આવી હતી.

## રાજ્યના ઊર્જા મંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે

# કપરાડાના ઘાણવેરી ખાતે ૬૬ કેવી સબ સ્ટેશનનું લોકાર્પણ કરાયું

**કપરાડામાં હવે વીજળીનો કોઈ પ્રશ્ન રહેશે નહીં, ચૂંટાયેલા પ્રતિનિધિઓ લોકોના પ્રશ્નો સાંભળી કાર્યો કરે તો ચોક્કસ વિકાસ થાય છેઃ મંત્રી કનુભાઈ દેસાઈ**




(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
વલસાડ, તા.૨૯

રાજ્યના નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈના વરદ હસ્તે વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના ઘાણવેરી ખાતે ૬૬ કેવી સબ સ્ટેશનનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મંત્રીશ્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું કે, પહેલા લોકો કહેતા હતા કે, રાત્રે જમતી વેળા વીજળી આપો અને રાજયના મુખ્યમંત્રી તરીકે નરેન્દ્રભાઈ મોદીએ સુકાન સંભાળ્યુ અને જ્યોતિગ્રામ યોજના શરૂ કરી હતી, હવે લોકોને ૨૪ કલાક વીજળી મળી રહે છે. આજે અહીં ઘાણવેરી ગામમાં રૂ. ૧૬ કરોડ ૬૯ લાખના ખર્ચે ૬૬ કેવી સબ સ્ટેશનનું લોકાર્પણ કરવામાં આવ્યું છે જેથી આસપાસના ગામોને ગુણવત્તાયુક્ત અને સાતત્યપૂર્ણ વીજ પુરવઠો મળતો રહેશે. એક વર્ષમાં આ સબ સ્ટેશનનું ખાતમુહૂર્ત કર્યું અને લોકાર્પણ પણ કરી દીધું છે, સમય કરતાં વહેલું કામ પૂર્ણ કરી ગ્રામજનોને સુવિધા ઉપલબ્ધ કરાવી છે. કપરાડામાં હવે વીજળીનો કોઈ પ્રશ્ન રહેશે નહીં. ચૂંટાયેલા પ્રતિનિધિઓ લોકોના પ્રશ્નો સાંભળી તેઓની સુખાકારી અને પ્રજાના કલ્યાણ માટે કાર્યો કરશે તો ચોક્કસ વિકાસ થાય છે જેનું ઉદાહરણ આપ સૌની સમક્ષ છે. ઝીરો કાર્બન ઉત્સર્જનના લક્ષ્યાંક માટે કોલસામાંથી વીજળી ઉત્પન્ન કરવાને બદલે સોલાર અને પવન ચક્કીથી વીજળી ઉત્પાદન કરવાની શરૂઆત કરી છે. જેમાં ગુજરાત દેશમાં ટોચ પર છે. મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે, તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરેલી વનબંધુ કલ્યાણ યોજના હેઠળ ગામમાં રસ્તા, પાણી, લાઈબ્રેરી, આરોગ્ય કેન્દ્ર અને વીજળી સહિતના વિકાસ કાર્યો પુરજોશમાં ચાલી રહ્યા છે જેનો લાભ છેવાડાના લોકોને મળી રહ્યો છે.

કપરાડાના ધારાસભ્યશ્રી જીતુભાઈ ચૌધરીએ જણાવ્યું કે, લોકોને વહેલી તકે વીજળી મળે તે માટે આજે વરસતા વરસાદમાં પણ કામ પૂર્ણ કર્યું છે. હવે નાંદગામ ગામમાં પણ સબ સ્ટેશન બનવા જઈ રહ્યું છે. આ સિવાય રસ્તા, ચેકડેમ, ઈરિગેશન, પાણી અને વીજળીના કામો થઈ રહ્યા છે. આપણે સૌ સાથે મળી વિકાસના કામો કરતા રહીશું. આપણી જે પણ જરૂરિયાત છે તે તમામ સુવિધા સરકાર ઉપલબ્ધ કરાવી રહી છે.

ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લિમિટેડ (જેટકો)ના મેનેજિંગ ડિરેકટરશ્રી ઉપેન્દ્ર પાંડેએ જણાવ્યું કે, આ સબ સ્ટેશન ૪૯૦૦ ચો.મી. જગ્યા પર નિર્માણ પામ્યું છે. જેનાથી આ સબ સ્ટેશનની આજુબાજુના ૮ કી.મી. વિસ્તારમાં આવેલા ૧૫ ગામના કુલ ૧૫૪૯૬ લોકોને વિક્ષેપ રહિત વીજળી પૂરતા દબાણથી પુરી પાડી શકાશે. આ સબ સ્ટેશન રાજ્ય સરકારની ટી.એ.એસ.પી. ગ્રાન્ટ હેઠળ મૂડી રોકાણના વળતરને ધ્યાનમાં લીધા સિવાય માત્ર આ વિસ્તારમાં રહેતી જનતાના વિકાસાર્થે ઉભું કરવામાં આવ્યું છે. હાલ વલસાડ જિલ્લામાં કુલ ૬૯ સબ સ્ટેશન કાર્યાન્વિત છે. છેલ્લા પાંચ વર્ષમાં ૨૪ નવા સબ સ્ટેશન કાર્યાન્વિત કરાયા છે. હવે વર્ષ ૨૦૨૫-૨૬માં વધુ ૯ અને ૨૦૨૬-૨૭માં નવા ૩ સબ સ્ટેશનનું આયોજન છે. રાજ્યના ઊર્જા મંત્રીશ્રી કનુભાઈ દેસાઈના નેતૃત્વમાં જેટકો સમગ્ર દેશમાં સર્વ શ્રેષ્ઠ ટ્રાન્સમિશન કંપની તરીકે ઉભરી આવી છે.

આ પ્રસંગે બરોડા જેટકોના ચીફ એન્જિનીયર એ.બી.રાઠોડ, સ્થાનિક આગેવાન સીતારામ ચૌધરી, મોહનભાઈ ગરેલ, સરપંચ ભરતભાઈ સિંઘાડ, ફુલજીભાઈ, વીઆઈએ પ્રમુખ સતિષભાઈ પટેલ, વાપી શહેર સંગઠન મનીષ દેસાઈ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# વલસાડના ફલધરા ખાતે વલસાડ જિલ્લા પંચાયત પ્રમુખ મનહરભાઈના અધ્યક્ષસ્થાને શાળા પ્રવેશોત્સવ યોજાયો




**ફલધરા બુનિયાદી પ્રાથમિક શાળા અને સાર્વજનિક હાઈસ્કૂલમાં ૯૨ વિદ્યાર્થીઓનો શાળાપ્રવેશ કરાવ્યો**

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
વલસાડ, તા.૨૯

કન્યા કેળવણી અને શાળાપ્રવેશોત્સવ-૨૦૨૫ અંતર્ગત વલસાડ તાલુકાના ફલધરા ખાતે ફલધરા બુનિયાદી પ્રાથમિક શાળા અને સાર્વજનિક હાઈસ્કુલ(જૂની)માં વલસાડ જિલ્લા પંચાયત પ્રમખુ શ્રી મનહરભાઈ પટેલની અધ્યક્ષતામાં શાળા પ્રવેશોત્સવ યોજાયો હતો. ફલધરા બુનિયાદી પ્રાથમિક શાળામાં આંગણવાડીમાં ૫, બાલવાટિકામાં ૧૨, પહેલાં ધોરણમાં ૩, છઠ્ઠા ધોરણમાં ૨૪ તેમજ માધ્યમિક શાળામાં નવમાં ધોરણમાં ૪૮ મળી કુલ ૯૨ વિદ્યાર્થીઓનો શાળા પ્રવેશોત્સવ ઊજવાયો હતો.

પ્રાથમિક શાળામાં આંગણવાડીમાં ૨ કુમાર અને ૩ કન્યા, બાલવાટિકામાં ૭ કુમાર અને ૫ કન્યા, પહેલા ધોરણમાં ૧ કુમાર અને ૨ કન્યા, ધોરણ ૬માં ૧૪ કુમાર અને ૧૦ કન્યા તેમજ માધ્યમિક શાળામાં ધોરણ ૯મા ૨૭ કુમાર અને ૨૧ કન્યા મળી કુલ ૯૨ વિદ્યાર્થીઓને શાળાપ્રવેશ આપવામાં આવ્યો હતો.

આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખશ્રીએ કહ્યું હતું કે, કોઈ બાળક શિક્ષણથી વંચિત ન રહે તે માટે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી હતા. ત્યારે શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવની શરૂઆત કરાવી હતી. સારા ભવિષ્ય માટે ભણતર ખુબ જ જરૂરી છે. હવેના વાલીઓ પણ શિક્ષણ બાબતે સજાગ થયા છે, બાળકોને શિક્ષણ માટે પ્રોત્સાહન આપે છે. સરકારી શાળાના શિક્ષકો ખૂબ જ પ્રતિભાશાળી છે તેઓ પણ બાળકોના શિક્ષણ પ્રત્યે કાળજી રાખી રહ્યા છે. સરકારી શાળાઓ ખુબ આગળ વધી રહી છે અને તેમાં શિક્ષણ પણ ઘણું સારૂં છે. વાલીઓએ ખાનગી શાળાનો મોહ છોડી બાળકોને સરકારી શાળાઓમાં પ્રવેશ અપાવવો જોઈએ.

કાર્યક્રમમાં શાળાની શાળા વ્યવસ્થાપન સમિતિ સાથે બેઠક કરી સમિતિ સભ્યોના મંતવ્યો જાણ્યા હતા અને બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે જરૂરી સૂચનાઓ આપી હતી. શાળાના તેજસ્વી તારલાઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં ફલધરા ગામના સરપંચ શ્રીમતી જીજ્ઞાબેન ભૂપેન્દ્રભાઈ પટેલ, બીઆરસી શ્રી હરેશભાઈ ટંડેલ, પ્રાથમિક શાળાના આચાર્ય શ્રી ધર્મેશભાઈ પટેલ, માધ્યમિક શાળાના આચાર્ય શ્રી જગદીશભાઈ પટેલ, શાળાના શિક્ષકો, શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્યો, ગ્રામ પંચાયતના સભ્યો, વાલીઓ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ભીલાડ પ્રાથમિક શાળામાં શાળા પ્રવેશોત્સવની શાનદાર ઉજવણી કરાઈ

(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૨૯

વલસાડ જિલ્લા પંચાયતના સદસ્ય અને પૂર્વ દંડક માનનીય શ્રી દિપકભાઈ મિસ્ત્રીની અધ્યક્ષતામાં તેમજ મુખ્ય મહેમાન વલસાડ જિલ્લા બક્ષીપંચ મોરચાના પ્રમુખ શ્રી નિમેષભાઈ ભંડારી, વલસાડ જિલ્લા નિવૃત કર્મચારી સેવા મંડળના ઉપપ્રમુખ શ્રી અશરફભાઈ ચુડાસમા, વલસાડ જિલ્લા વિશ્વ હિન્દુ પરિષદના અધ્યક્ષ શ્રી પિયુષભાઈ શાહ, સી.આર.સી. શ્રીમતી પ્રતિજ્ઞાબેન, સંકલિત બાળ વિકાસ યોજનાના શ્રીમતી અનીતાબેન, શ્રી નૂતનભાઈ ભંડારી, શ્રી ગૌતમભાઈ કિતાવત તેમજ ગ્રામજનોની ઉપસ્થિતિમાં શાનદાર પ્રવેશોત્સવ ઉજવાયો હતો.



મંચસ્થ મહાનુભાવોએ દીપ પ્રગટાવી પ્રવેશોત્સવ ખુલ્લો મુક્યો હતો. શાળાની બાળાઓએ પ્રાર્થના બાદ શૌર્યગીત રજૂ કર્યુ હતુ. શાળામાં પ્રવેશ મેળવનાર તમામ બાળકોને મંચસ્થ મહાનુભાવોના હસ્તે શૈક્ષણિક કીટ આપી, મીઠા આવકાર સાથે સન્માનિત કરવામાં આવ્યા હતાં. એવોર્ડી નિવૃત્ત શિક્ષક શ્રી અશરફભાઈ ચુડાસમાએ આપણી શેરીમાં, આપણી આજુબાજુના વિસ્તારમાં, કોઈપણ બાળક અક્ષરજ્ઞાનથી વંચિત રહી ન જાય એ માટે જાગૃત થવા અને ઉપસ્થિત વાલીઓને 'દીકરીને દુર્ગા બનાવો' એવું આહ્વાન કર્યુ હતુ પ્રવેશોત્સવના અધ્યક્ષ શ્રી દીપકભાઈ મિસ્ત્રીએ કોઈપણ બાળક શાળા પ્રવેશથી વંચિત રહી ન જાય એના પર ખાસ ભાર મૂક્યો હતો. બાળકોનાં શૈક્ષણિક વિકાસ માટે આ શાળાને કોઈપણ પ્રકારની જરૂરિયાત હશે તો તે વહેલી તકે પૂર્ણ કરવાની ખાત્રી આપી હતી. દીકરી પોતાની જાતે, પોતાનું સ્વરક્ષણ કરી શકે એ માટે 'કરાટેના ક્લાસ' જલ્દી શરૂ કરવા માટે, સંપૂર્ણ સહયોગ આપવાની પોતાની મહેચ્છા વ્યક્ત કરી હતી.

શૈક્ષણિક ક્ષેત્રે સિદ્ધિ પ્રાપ્ત કરનાર શાળાના વિદ્યાર્થીઓને શ્રી દીપકભાઈ મિસ્ત્રી તેમજ શ્રી નિમેશભાઈ ભંડારી તરફથી રોકડ પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. મંચસ્થ મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતુ. શાળાના યુવા ઉત્સાહી આચાર્ય શ્રી ભરતભાઈએ આ કાર્યક્રમમાં ઉપસ્થિત મંચસ્થ મહાનુભાવો તેમજ મોટી સંખ્યામાં ઉપસ્થિત ગ્રામજનોનો આભાર વ્યક્ત કર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સફળ અને સુંદર સંચાલન વિદ્યાર્થી અરેબીયા, કૌશરખાન અને કામરાન માલવિયાએ કર્યુ હતું.

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક
વર્તમાન પ્રવાહ

## તંત્રી લેખ

# શુભાંશુ શુક્લાની અંતરિક્ષ યાત્રા, ભારતની વૈશ્વિક ટેક્નિકલ ક્ષમતાનાં રૂપમાં ઊભરી રહેલી નવી સ્થિતિનું પ્રમાણ

**ભા**રતના અંતરિક્ષ વિજ્ઞાન ક્ષેત્રે વધુ એક ઉજ્જવળ પ્રકરણ સમસ્ત બ્રહ્માંડની સાક્ષીએ આજે લખાઈ ગયું છે. ભારતના શુભાંશુ શુક્લા અન્ય ત્રણ અંતરિક્ષયાત્રી સાથે ૨૮ કલાકની અવકાશીય સફર પૂર્ણ કરીને ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન પર પહોંચી ગયા છે. એક્સિયોમ-૪ મિશન વ્યોમના વિહાર કરી રહ્યું છે. સૌપ્રથમ મહત્ત્વની વાત એ છે કે, આ માત્ર વૈજ્ઞાનિક ઉપલબ્ધિ નથી, પરંતુ ભારતની વૈશ્વિક ટેક્નિકલ ક્ષમતાનાં રૂપમાં ઊભરી રહેલી નવી સ્થિતિનું પ્રમાણ છે. શુભાંશુ ભારતના બીજા અવકાશયાત્રી છે, જેઓ અંતરિક્ષમાં ગયા છે અને ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન પર પહોંચનારા તેઓ પ્રથમ ભારતીય છે. ભારતના અંતરિક્ષ કાર્યક્રમમાં ચંદ્રયાન પછી ટૂંકાગાળામાં આ મહત્ત્વની સિદ્ધિ છે. ૧૯૮૪માં રાકેશ શર્મા



અંતરિક્ષમાં ગયા અને તેમને તત્કાલીન વડાપ્રધાને પૂછ્યું કે, તમને ભારત કેવું લાગે છે? ત્યારે તેમનો જવાબ હતો કે, 'સારે જહાં સે અચ્છા હિન્દુસ્તાં હમારા.' શુભાંશુએ સ્પેસ સ્ટેશન પરથી પોતાની આ યાત્રાને અદ્ભૂત કહી છે. તેમણે અંતરિક્ષમાંથી ધરતી પરના રહેવાસીઓને પ્રણામ કર્યા છે. સાથે જ એવું કહ્યું છે કે, હું તો અહીં બાળકની જેમ ઘણું બધું નવું શીખી રહ્યો છું. લખનઉમાં જન્મેલા શુભાંશુ આજે આ અંતરિક્ષયાત્રાના સાફલ્યપૂર્ણ પ્રકલ્પથી વિશ્વવિખ્યાત બની ચૂક્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ભારતે જે માનવ અંતરિક્ષ કાર્યક્રમનો આરંભ કર્યો છે તે દિશામાં આ બહુ જ મહત્ત્વની સિદ્ધિ છે. અંતરિક્ષયાન ડ્રેગન સ્પેસ સ્ટેશન પર ડોક થયું તેની ખુશી સ્વાભાવિક રીતે સમગ્ર દેશમાં છે. ૧૪ દિવસ આ યાન સ્પેસમાં રહેશે. શુભાંશુ કુલ સાત પ્રકારના વિશિષ્ટ સંશોધન અંતરિક્ષમાં કરશે. અવકાશયાત્રી જ્યારે અંતરિક્ષમાં વધારે સમય વીતાવે ત્યારે તેમની માંસપેશીઓ પર શું અસર થાય તેનું અધ્યયન થશે. ઉપરાંત અડધા મિલિમીટરથી પણ નાના ટાર્ડિગ્રેડ જીવ ઉપર સંશોધન થશે. અંતરિક્ષમાં આ જીવ પર શું અસર થાય છે? તે મુખ્ય શોધ રહેશે. ભવિષ્યમાં અંતરિક્ષયાત્રીઓનાં પોષણમાં જેની મહત્ત્વની ભૂમિકા રહેવાની શક્યતા છે તેવી સૂક્ષ્મ શેવાળ પર સંશોધન થશે. મગ અને મેથીના બીજ તથા અંકુરણ પ્રક્રિયા પર સંશોધન થશે. ફક્ત આટલી જ વિગતોથી સ્પષ્ટ છે કે, આ મિશન સમસ્ત પૃથ્વી માટે અને વૈશ્વિક સ્તરે ચાલતા અંતરિક્ષ વિજ્ઞાનના કાર્યક્રમો માટે કેટલું અગત્યનું છે. સૌથી મહત્ત્વની વાત એ છે કે, આ મિશનમાં ભારતના અંતરિક્ષ સંસ્થાન ઈસરોનું પ્રતિનિધિત્વ શુભાંશુ કરી રહ્યા છે. તેમની સાથે નાસાના પેગી વિટ્સન, પોલેન્ડના સ્લાવોઝ ઉઝનાન્સ્કી અને હંગેરીના ટીબોર કાપુ સામેલ છે. ૪૧ વર્ષના અંતરાલ પછી અંતરિક્ષમાં પહોંચી ચૂકેલા ભારતીય યાત્રીઓએ ત્યાંથી પણ ધરતીને નમસ્કાર કર્યા છે. જાણે તેમણે કહ્યું છે, સુજલામ્ સુફલામ્ મલયજ શીતલામ્...'

## મોબાઈલ ફોનની નિકાસ વાર્ષિક ધોરણે ૭૪% વધી ૩.૦૯ અબજ ડોલર રહી..!!



અમેરિકા દ્વારા ઊંચા ટેરિફ લાગુ થાય તે પહેલા જ ભારત ખાતેથી મોબાઈલ ફોનની નિકાસમાં ઝડપ જોવા મળી હતી. વર્તમાન નાણાં વર્ષના પ્રથમ બે મહિનાની વાત કરીએ તો મોબાઈલની એકંદર નિકાસ વાર્ષિક ધોરણે ૪૧ ટકા વધી ૫.૫૦ અબજ ડોલર રહી છે. ગયા વર્ષના ઓકટોબરથી દેશમાંથી દર મહિને મોબાઈલ ફોનનો નિકાસ આંક બે અબજ ડોલરથી વધુ જોવા મળી રહ્યો છે. પ્રોડક્શન લિન્કડ ઈન્સેન્ટિવ સ્કીમ મોબાઈલની નિકાસ વધારવાનું એક કારણ રહ્યું હોવાનું મોબાઈલ ફોન ઉદ્યોગના સુત્રોએ જણાવ્યું હતું.

વર્તમાન વર્ષના મે માસમાં ભારત ખાતેથી મોબાઈલ ફોનની નિકાસ વાર્ષિક ધોરણે ૭૪% વધી ૩.૦૯ અબજ ડોલર રહી છે. ગયા વર્ષના મેમાં આ આંક ૧.૭૮ અબજ ડોલર રહ્યો હતો. વર્તમાન વર્ષના માર્ચમાં ૩.૧૦ અબજ ડોલરની નિકાસ સૌથી ઊંચી નિકાસ બાદ મેનો આંક અત્યાર સુધીનો બીજો મોટો નિકાસ આંક છે એમ મોબાઈલ ઉદ્યોગ દ્વારા સરકારને સુપરત કરાયેલી માહિતીમાં જણાવાયું છે.

## મે માસમાં ભારતના આઠ મુખ્ય ઉદ્યોગોની ઉત્પાદન વૃદ્ધિમાં ઘટાડો..!!




ભારતના આઠ મુખ્ય માળખાગત ઉદ્યોગોની ઉત્પાદન વૃદ્ધિ મે મહિનામાં ઘટીને ૦.૭% થઈ હતી,જે છેલ્લા નવ મહિનામાં સૌથી નીચો છે. એપ્રિલમાં આ આંકડો ૧% હતો અને આ વખતે અડધા ક્ષેત્રોના ઉત્પાદનમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. છેલ્લા નવ મહિનામાં પહેલીવાર, વીજળી ઉત્પાદનમાં ઘટાડો થયો હતો અને તે મે મહિનામાં ૫.૮% ઘટયો હતો,જે જૂન ૨૦૨૦ પછીનો સૌથી ઓછો છે. ક્રૂડ ઓઈલ ઉત્પાદનમાં ૧.૮%નો ઘટાડો થયો હતો,જે સતત પાંચમા મહિનામાં ઘટયું હતું.

ખાતર ઉત્પાદનમાં સતત બીજા મહિનામાં ઘટાડો થયો છે અને તે મે મહિનામાં ૫.૯% ઘટયું હતું,જે ગયા વર્ષે ફેબ્રુઆરી પછીનો સૌથી તીવ્ર ઘટાડો છે. કુદરતી ગેસનું ઉત્પાદન સતત ૧૧ મા મહિનામાં ઓછું રહ્યું હતું અને ૩.૬% ઘટયું હતું. સકારાત્મક બાજુએ, મે મહિનામાં સિમેન્ટ ઉત્પાદનમાં સુધારો થયો અને તે મે મહિનામાં ૯.૨%વધ્યું હતું,જે એપ્રિલમાં છ મહિનાના નીચલા સ્તર ૬.૩% થી સુધર્યું છે. સ્ટીલ ઉત્પાદનમાં પણ વધારો થયો અને મે મહિનામાં ૬.૭%નો વધારો જોવા મળ્યો,જે એપ્રિલમાં માત્ર ૪.૪% હતો.

જો કે ઉત્પાદનનો આંકડો એપ્રિલમાં સૌથી નીચો હતો. અર્થશાસ્ત્રીઓએ જણાવ્યું હતું કે, આ સ્પષ્ટ કરે છે કે માળખાગત પ્રવૃત્તિઓમાં વેગથી સ્ટીલ ઉત્પાદનમાં સુધારો જોવાયો છે. બાંધકામ અને વાહનો ઉપરાંત, મૂડી માલની માંગને આ વૃદ્ધિનું મુખ્ય કારણ ગણાવી શકાય છે. સિમેન્ટે પણ મજબૂત પ્રદર્શન કર્યું છે, જે મૂડી ખર્ચમાં સરકારની પ્રવૃત્તિઓને પ્રતિબિંબિત કરે છે. કોલસા ઉત્પાદનનો વિકાસ દર એપ્રિલમાં ૩.૫%થી થોડો ઘટીને ૨.૮%થયો છે. જ્યારે રિફાઈનરી ઉત્પાદનોનું ઉત્પાદન એપ્રિલમાં ૪.૫% ઘટયા પછી મે મહિનામાં ૧.૧% વધ્યું હતું.

## છેલ્લા આઠ વર્ષમાં મ્યુચ્યુઅલ ફંડોની એયુએમ બમણી થઈ...!!

કુલ બેંક થાપણોના ટકાવારી તરીકે મ્યુચ્યુઅલ ફંડની સંપત્તિ છેલ્લા આઠ વર્ષમાં લગભગ બમણી થઈ ગઈ છે, જે રોકાણકારોની ઈક્વિટી અને અન્ય નાણાકીય સંપત્તિઓ માટે વધતી જતી ઈચ્છા શક્તિ દર્શાવે છે. મે ૨૦૨૫ સુધીમાં, મ્યુચ્યુઅલ ફંડની સંપત્તિ એટલે કે એસેટ અંડર મેનેજમેન્ટ (એયુએમ) ૭૨.૨ લાખ કરોડ રૂપિયા હતી,જે કુલ બેંક થાપણોના લગભગ ત્રીજા ભાગ (રૂ. ૨૩૨ લાખ કરોડ) હતી.

૨૦૧૭ થી તેમાં નોંધપાત્ર ઉછાળો જોવા મળ્યો છે,જ્યારે ભંડોળની એયુએમ બેંક થાપણોના માત્ર ૧૬ ટકા હતી. કોરોના દરમિયાન ટૂંકા ઘટાડાને બાદ કરતાં, આ આંકડો સતત વધ્યો છે. કોરોના પછીના સમયગાળામાં મ્યુચ્યુઅલ ફંડમાં ખાસ કરીને મજબૂત વૃદ્ધિ જોવા મળી છે,જે મુખ્યત્વે ઈક્વિટી બજારોમાં મજબૂત તેજી દ્વારા પ્રેરિત છે. આ વૃદ્ધિ બે મોરચે વૃદ્ધિને કારણે થઈ હતી. હાલના પોર્ટફોલિયો પર માર્ક-ટુ-માર્કેટ લાભ અને નવા રોકાણકારોનો ઉમેરો. માર્ચ ૨૦૨૦ થી ફંડ્સની એયુએમ ત્રણ ગણી વધી છે.

રોકાણકારોની શ્રદ્ધા અતૂટ અને વિશ્વાસનું પ્રતિક
ઇન્વેસ્ટમેન્ટ પોઇન્ટ®
www.nikhilbhatt.in



નિખિલ ભટ્ટ
+91 99390 80808

# ભારતીય શેરબજારમાં પ્રત્યાઘાતી ઘટાડા બાદ તેજી યથાવત્..!!

**રોકાણકાર મિત્રો, આનંદ ને...!!**

વૈશ્વિક સ્તરે જિઓ-પોલિટિકલ ક્રાઈસિસ દૂર થતાં તેમજ વૈશ્વિક સ્તરે સકારત્મક સંકેતો મળતા વૈશ્વિક અર્થતંત્ર આગામી દિવસોમાં પુનઃવિકાસની પટરી પર આવવાની અપેક્ષાએ અને અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનના ઓઈલની ચાઈના ફરી ખરીદી કરી શકે છે, એવા કરેલા નિવેદને ક્રુડ ઓઈલના ભાવ વધુ ઘટતાં અને ઈન્ફ્રાસ્ટ્રકચર ક્ષેત્રે ફરી મોટી તકો ઊભી થવાની અપેક્ષાએ ગત સપ્તાહે ભારતીય શેરબજારમાં સાર્વત્રિક તેજી જોવા મળી હતી.

ઈરાન-ઈઝરાયલ યુદ્ધના કારણે ક્રૂડના ભાવમાં નોંધાયેલી તેજી હવે અટકતા યુદ્ધ વિરામની જાહેરાતથી ક્રૂડના ભાવમાં ઘટાડો તેમજ વિવિધ રેટિંગ એજન્સીઓએ વૈશ્વિક પડકારો વચ્ચે પણ ભારતનું અર્થતંત્ર સકારાત્મક ધોરણે આગળ વધી રહ્યું હોવાનો આશાવાદ દર્શાવતા, ચાલુ નાણાકીય વર્ષમાં જીડીપી ગ્રોથ ૬%થી વધુ રહેવાની સંભાવના અને ચોમાસુ પણ સામાન્ય રહેતાં ગ્રામીણ માંગ વધવાની શક્યતા સાથે સ્થાનિક સ્તરે સકારાત્મક પરિબળોએ ભારતીય શેરબજારને ટેકો મળ્યો હતો.

કરન્સી માર્કેટની વાત કરીએ તો, ફેડ ચીફ પોવેલ દ્વારા સેનેટ અને હાઉસ સમક્ષ વ્યાજ દરમાં ઘટાડો કરવાનો સંકેતો સાથે અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ઈરાન અને ઇઝરાયલ વચ્ચે યુદ્ધવિરામની જાહેરાત કર્યા બાદ ક્રૂડ ઓઈલના ભાવમાં ઘટાડો થતા ભારતીય રૂપિયો અમેરિકન ડોલર સામે મજબૂત બન્યો હતો.

**સ્થાનિક / વૈશ્વિક પરિબળોની વાત કરીએ તો....**

ભૌગોલિક રાજકીય તણાવ અને વેપાર અનિશ્ચિતતા વચ્ચે બજારમાં ઉથલપાથલ હોવા છતાં, સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો એ વર્ષ ૨૦૨૫ના પ્રથમ છ મહિનામાં ભારતીય શેરબજારમાં રૂ.૩.૫ લાખ કરોડનું રોકાણ કર્યું છે. વિદેશી સંસ્થાકીય રોકાણકારોના રોકાણમાં અસ્થિરતા હોવા છતાં, બજારોને સ્થાનિક રોકાણકારો તરફથી મદદ મળી હતી. ડેટા દર્શાવે છે કે એફઆઈઆઈ એ પ્રથમ છ મહિનામાં કુલ રૂ.૧.૩ લાખ કરોડના શેર વેચ્યા, જે વર્ષ ૨૦૨૨ પછીનું તેમનું સૌથી મોટું વેચાણ છે. જ્યારે નાના રોકાણકારોએ ૬ મહિનામાં રૂ.૧૨,૭૫૪ કરોડના શેર ખરીદ્યા હતા.

સ્થાનિક સંસ્થાઓના ઈક્વિટી ફાળવણીમાં સ્થિરતા હતી. તેનું મુખ્ય કારણ સિસ્ટમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન (સિપ) દ્વારા રિટેલ ભાગીદારીમાં વધારો છે. ઉપરાંત, કેલેન્ડર વર્ષ ૨૦૨૫ના પ્રથમ છ મહિનામાં મિડ અને સ્મોલકેપ શેરના ભાવમાં ઘટાડાને કારણે ખરીદીમાં વધારો થયો છે. મે મહિનામાં માસિક સિપ રોકાણ વધીને રૂ.૨૬,૬૮૮ કરોડ થયું હતું, જે એક વર્ષ પહેલાની સરખામણીમાં ૨૮%નો વધારો દર્શાવે છે. ડેટા અનુસાર, શેરબજારમાં સીધા રોકાણ કરનારા નાના રોકાણકારોએ ૬ મહિનામાં રૂ.૧૨,૭૫૪ કરોડના શેર ખરીદ્યા હતા.

નિફ્ટી ફ્યુચર ઈન્ડેક્સ ૬.૬% વધીને ૨૫૨૦૦ પોઈન્ટ પર પહોંચ્યો જ્યારે ૩૦ શેરનો સેન્સેક્સ પ્રથમ અર્ધવાર્ષિકમાં ૫.૭%ના વધારા સાથે ૮૨૬૦૦ પોઈન્ટ સુધી પહોંચવામાં સફળ રહ્યો હતો. ભારત અને પાકિસ્તાન લગભગ યુદ્ધની ધાર પર હતા. પાછળથી, ઈરાન અને ઇઝરાયલના હુમલાઓને કારણે પશ્ચિમ એશિયામાં વધતા તણાવથી બજારો હચમચી ગયા અને અમેરિકા પણ તેમાં કૂદી પડયું હતું. આ બધા વચ્ચે, વૈશ્વિક રોકાણકારો બજારથી અંતર જાળવી રહ્યા હતા, જ્યારે સ્થાનિક રોકાણકારોએ વિશ્વાસ જાળવી રાખ્યો હતો. મજબૂત મેક્રો ઈકોનોમિક વાતાવરણે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની ભાવનાને મજબૂત બનાવવામાં મદદ કરી છે. સિપ દ્વારા મ્યુચ્યુઅલ ફંડ રોકાણ વિશે રોકાણકારોની જાગૃતિ વધી છે.

**મિત્રો, નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં સ્થાનિક તેમજ વિદેશી સંસ્થાકીય રોકાણકારો દ્વારા...**

સ્થાનિક સંસ્થાઓના રોકાણ સંદર્ભે જોઈએ તો કેશ સેગમેન્ટમાં નવેમ્બર ૨૦૨૪માં અંદાજીત રૂ.૪૪૪૮૩.૮૬ કરોડની ખરીદી, ડિસેમ્બર ૨૦૨૪માં અંદાજીત રૂ.૩૪૧૯૪.૭૩ કરોડની ખરીદી, જાન્યુઆરી ૨૦૨૫માં અંદાજીત રૂ.૮૬૫૯૧.૮૦ કરોડની ખરીદી, ફેબ્રુઆરી ૨૦૨૫માં અંદાજીત રૂ.૬૪૮૫૩.૧૯ કરોડની ખરીદી, માર્ચ ૨૦૨૫માં અંદાજીત રૂ.૩૭૫૮૫.૬૮ કરોડની ખરીદી, એપ્રિલ ૨૦૨૫માં અંદાજીત રૂ.૨૮૨૨૮.૪૫ કરોડની ખરીદી, મે ૨૦૨૫માં અંદાજીત રૂ.૬૭૬૪૨.૩૪ કરોડની ખરીદી તેમજ ૨૬ જુન ૨૦૨૫ સુધીમાં અંદાજીત રૂ.૬૯૭૬૫.૪૦ કરોડની ખરીદી કરવામાં આવી હતી.


જ્યારે વિદેશી સંસ્થાઓના રોકાણ સંદર્ભે જોઈએ તો કેશ સેગમેન્ટમાં નવેમ્બર ૨૦૨૪માં અંદાજીત રૂ.૪૫૯૭૪.૧૨ કરોડની વેચવાલી, ડિસેમ્બર ૨૦૨૪માં અંદાજીત રૂ.૧૬૯૮૨.૪૮ કરોડની વેચવાલી જાન્યુઆરી ૨૦૨૫માં અંદાજીત રૂ.૮૭૩૭૪.૬૬ કરોડની વેચવાલી, ફેબ્રુઆરી ૨૦૨૫માં અંદાજીત રૂ.૫૮૯૮૮.૦૮ કરોડની વેચવાલી, માર્ચ ૨૦૨૫માં અંદાજીત રૂ.૨૦૧૪.૧૮ કરોડની ખરીદી, એપ્રિલ ૨૦૨૫માં અંદાજીત રૂ.૨૭૩૫.૦૨ કરોડની ખરીદી, મે ૨૦૨૫માં અંદાજીત રૂ.૧૧૭૭૩.૨૫ કરોડની ખરીદી તેમજ ૨૬ જુન ૨૦૨૫ સુધીમાં અંદાજીત રૂ.૬૯૨૩.૪૬ કરોડની વેચવાલી કરવામાં આવી હતી.

**બજારની ભાવિ દિશા....**

મિત્રો, ભારતના અર્થતંત્રના અનેક અંદાજો વિવિધ ગ્લોબલ રેટિંગ એજન્સી આપી રહી છે. એવામાં વધુ એક અગ્રણી રેટિંગ એજન્સીએ ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે ભારતનો રિઅલ ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્શન (જીડીપી) ગ્રોથ રેટ ૬.૫%થી વધુ રહેવાનો અંદાજ આપી ભારતના આર્થિક ગ્રોથની અપેક્ષાઓને વધુ પ્રબળ બનાવી છે. ઈકરાએ જણાવ્યું હતું કે આ જ સમયગાળા દરમિયાન દેશનો રિઅલ ગ્રોસ વેલ્યુ એડેડ (જીવીએ) ગ્રોથ ૬.૩%થી વધુ રહેશે. જીડીપીની ગણતરી દેશમાં ઉત્પાદિત માલ અને સેવાઓના કુલ મૂલ્ય પરથી નક્કી થાય છે, જ્યારે જીવીએ ઉત્પાદિત માલ અને સેવાઓના કુલ મૂલ્યમાંથી મધ્યવર્તી માલ અને સેવાઓની કિંમત બાદ કરીને મેળવવામાં આવે છે.

વૈશ્વિક પડકારોના કારણે નજીકના ભવિષ્યમાં ભારતની ગુડ્સ નિકાસમાં મંદી રહેવાની ભીતિ સાથે ઈકરા રેટિંગ એજન્સીએ ફુગાવાના સંદર્ભમાં રિટેલ ફુગાવો ૪.૨%થી વધુ રહેવાનો અંદાજ લગાવ્યો છે, જ્યારે જથ્થાબંધ ફુગાવો ચાલુ નાણાકીય વર્ષ માટે ૨.૭%થી વધુ રહેશે. ઈકરાએ રાજકોષીય ખાધ જીડીપીના ૪.૪% રહેવાનો અંદાજ લગાવ્યો છે. કેન્દ્રીય બજેટમાં આવકવેરામાં મોટી રાહત, દર ઘટાડાને કારણે ઈએમઆઈમાં ઘટાડો અને ખાદ્ય ફુગાવામાં નરમાઈની જાહેરાતના કારણે ઘરગથ્થુ ખર્ચપાત્ર આવકમાં વધારો થવાની અપેક્ષા છે, ઉપરાંત સારા વરસાદના કારણે કૃષિ ક્ષેત્રે ગ્રોથ નોંધાવાના સંકેત સાથે ગ્રામીણ માંગ પણ મજબૂત રહેવાની શક્યતા છે. ત્યારે આગામી દિવસોમાં ભારતીય શેરબજાર પર તેની પોઝીટીવ અસર જોવા મળી શકે છે. બાકી મારી અંગત સલાહ મુજબ તબક્કાવાર નફો બુક કરે એ શાણો રોકાણકાર... કેમ ખરૂં ને..!!!


### નિફ્ટી ફ્યુચર સાપ્તાહિક મુવમેન્ટ




| | PRV. Close | OPEN | HIGH | LOW | CLOSE | NET |
|---|---|---|---|---|---|---|
| 02.06.2025 TO 06.06.2025 | 24871.20 | 24799.00 | 25139.00 | 24610.00 | 25096.30 | 225.10 |
| 09.06.2025 TO 13.06.2025 | 25096.30 | 25205.00 | 25307.00 | 24575.30 | 24727.40 | -368.90 |
| 16.06.2025 TO 20.06.2025 | 24727.40 | 24755.50 | 25137.00 | 24735.00 | 25111.70 | 384.30 |
| 23.06.2025 TO 27.06.2025 | 25111.70 | 24975.00 | 25772.30 | 24825.00 | 25750.20 | 638.50 |

નિફ્ટી ફ્યુચર તા. ૨૩-૦૬-૨૦૨૫ ના રોજ ૨૪૯૭૫ પોઈન્ટ ખુલીને ૨૪૮૨૫ પોઈન્ટના નીચા મથાળેથી ૨૫૭૭૨ પોઈન્ટના ઊંચા મથાળે સપાટીને સ્પર્શી સાપ્તાહિક ૯૪૭ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી સરેરાશ ૬૩૮ પોઈન્ટના ઉછાળે ૨૫૭૫૦ પોઈન્ટ બંધ થયેલ.

### બેન્ક નિફ્ટી ફ્યુચર સાપ્તાહિક મુવમેન્ટ




| | PRV. Close | OPEN | HIGH | LOW | CLOSE | NET |
|---|---|---|---|---|---|---|
| 02.06.2025 TO 06.06.2025 | 56076.40 | 56100.00 | 56832.80 | 55719.00 | 56770.40 | 694.00 |
| 09.06.2025 TO 13.06.2025 | 56770.40 | 57150.00 | 57165.20 | 55350.60 | 55614.40 | -1156.00 |
| 16.06.2025 TO 20.06.2025 | 55614.40 | 55550.00 | 56599.60 | 55505.00 | 56298.00 | 683.60 |
| 23.06.2025 TO 27.06.2025 | 56298.00 | 55899.80 | 57668.60 | 55805.00 | 57648.20 | 1350.20 |

બેન્ક નિફ્ટી ફ્યુચર તા. ૨૩-૦૬-૨૦૨૫ ના રોજ ૫૫૮૯૯ પોઈન્ટ ખુલીને ૫૫૮૦૫ પોઈન્ટના નીચા મથાળેથી ૫૭૬૬૮ પોઈન્ટના ઊંચા મથાળે સપાટીને સ્પર્શી સાપ્તાહિક ૧૮૬૩ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી સરેરાશ ૧૩૫૦ પોઈન્ટના ઉછાળે ૫૭૬૪૮ પોઈન્ટ બંધ થયેલ.

**નિફ્ટી ફ્યુચર : ૨૫૭૫૦ પોઈન્ટ** આગામી વધઘટે સંભવિત નિફ્ટી ફ્યુચર ૨૫૪૭૪ પોઈન્ટના પ્રથમ અને ૨૫૩૦૩ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડિંગ સંદર્ભે ૨૫૮૦૮ પોઈન્ટ થી ૨૫૯૭૯ પોઈન્ટ, ૨૬૦૦૮ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૬૦૦૮ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી...!!

**બેન્ક નિફ્ટી ફ્યુચર : ૫૭૬૪૮ પોઈન્ટ** આગામી વધઘટે સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૫૭૩૭૩ પોઈન્ટના પ્રથમ અને ૫૭૦૦૭ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડિંગ સંદર્ભે ૫૭૮૦૮ પોઈન્ટ થી ૫૮૦૦૮ પોઈન્ટ, ૫૮૦૮૮ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૫૮૦૮૮ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી.

## ફ્યુચર રોકાણ

**(૧)ઈન્ફોસીસ લિમિટેડ (૧૬૨૨) :** કમ્પ્યુટર્સ સોફ્ટવેર એન્ડ કન્સલ્ટિંગ સેકટર સેકટરની આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂા.૧૫૮૮ આસપાસ પ્રર્વતી રહ્યો છે. રૂા.૧૫૭૩ ના સ્ટોપલોસથી આ ટુંકા સમયગાળે રૂા.૧૬૩૭ થી રૂા.૧૬૪૪ નો આસપાસ ભાવ સપાટી નોંધાવે તેવી શકયતા છે...!! રૂા.૧૬૫૦ ઉપર તેજી તરફ ધ્યાન...!!

**(૨)રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ (૧૫૨૦) :** રિલાયન્સ ગ્રુપના આ સ્ટોક રૂા.૧૪૮૪ આસપાસ પોઝિટીવ બ્રેકઆઉટ...!! રૂા.૧૪૭૦ ના સપોર્ટથી આ સ્ટોક રૂા.૧૫૩૭ થી રૂા.૧૫૫૦ આસપાસ ભાવ સપાટી નોંધાવે તેવી સંભાવના છે...!!

**(૩)સિપ્લા લિમિટેડ (૧૫૧૪) :** રૂા.૧૪૯૦નો પ્રથમ તેમજ રૂા.૧૪૮૪ બીજા સપોર્ટથી ફાર્મા સેકટરનો રોકાણલક્ષી આ સ્ટોક રૂા.૧૫૩૭ થી રૂા.૧૫૫૦ આસપાસ તેજી તરફી રૂખ નોંધાવે તેવી શકયતા છે...!!

**(૪)અદાણી પોર્ટ (૧૪૫૦) :** ટેકનિકલ ચાર્ટ મુજબ પોર્ટ એન્ડ પોર્ટ સર્વિસ સેકટર નો આ સ્ટોક રૂા.૧૪૭૭ આસપાસ વેચવાલી થકી રૂા.૧૪૩૩ થી રૂા.૧૪૦૮ ના નીચા મથાળે ભાવ સપાટીની શકયતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂા.૧૪૯૦ નો સ્ટોપલોસ ખાસ ધ્યાને લેવો...!!

**(૫)ભારત ફોર્જ (૧૩૧૪) :** રૂા.૧૩૩૭ આસપાસ ટેકનિકલ ગ્રાફ મુજબ ઓવરબોટ પોઝિશનની શકયતાએ આ સ્ટોક રૂા.૧૩૪૪ ના સ્ટોપલોસે તબકકાવાર રૂા.૧૨૯૭ થી રૂા.૧૨૮૦ નો ભાવ સપાટી દર્શાવે તેવી સંભાવના છે...!! રૂા.૧૩૫૦ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!

**(૬)ઓરબિન્દો ફાર્મા (૧૧૩૦) :** ફાર્મા સેકટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂા.૧૧૫૭ આસપાસના સ્ટોપલોસથી પ્રત્યાઘાતી ઘટાડે રૂા.૧૧૦૭ થી રૂા.૧૦૯૩ ના ભાવની આસપાસ ટેકનિકલ સપાટી દર્શાવે તેવી સંભાવના છે...!!!

## હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી સાપ્તાહિક સ્ટોક મુવમેન્ટ

**(૧)આરઈસી લિ. (૪૦૬)** A/T+1 ગ્રુપની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૩૮૮ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૩૭૩ ના સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૪૨૭ થી રૂ.૪૩૪ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૪૪૦ ઉપર તેજી તરફી ધ્યાન...!!!

**(૨)જ્યુપિટર વેગન્સ (૩૮૭) :** ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૩૭૩ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૩૬૪ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૪૦૪ થી રૂ.૪૧૪ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!

**(૩)જેકે પેપર (૩૬૯) :** રૂ.૩૫૩ નો પ્રથમ તેમજ રૂ.૩૪૪ ના બીજા સપોર્ટથી ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી આ સ્ટોક રૂ.૩૮૮ થી રૂ.૩૯૪ સુધીના ભાવની સપાટી સ્પર્શી શકે તેવી શક્યતા....!!!

**(૪)મહિન્દ્રા લોજિસ્ટિક્સ (૩૪૦) :** લોજિસ્ટિક્સ સોલ્યુશન પ્રોવાઈડર સેક્ટરનો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૩૫૪ થી રૂ.૩૬૭ ના ભાવની સંભાવના ધરાવે છે.!! રૂ.૩૨૭ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!

**(૫)એનટીપીસી લિ. (૩૩૯) :** રૂ.૩૧૪ નો પ્રથમ તેમજ રૂ.૩૦૩ ના સ્ટ્રોંગ સપોર્ટથી પાવર જનરેશન સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક ટૂંકાગાળે રૂ.૩૫૩ થી રૂ.૩૬૦ સુધીના ભાવની સપાટી સ્પર્શી શકે તેવી શક્યતા....!!!

**(૬)ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન (૩૨૯) :** સ્થાનિક ફંડોની લેવાલીની શક્યતાએ આ સ્ટોકમાં રૂ.૩૦૩ આસપાસના સપોર્ટથી ડિલેવરીબેઈઝ રોકાણ રૂ.૩૪૪ થી રૂ.૩૫૦ ના ભાવની સપાટી દર્શાવે તેવી સંભાવના છે...!!

**(૭)KIOCL લિ. (૨૯૬) :** આ સ્ક્રીપમાં નજીકનો પ્રથમ રૂ.૨૮૮ ના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટૂંકા ગાળે અંદાજીત રૂ.૩૧૩ થી રૂ.૩૨૦ ના સંભવિત ભાવની શક્યતા છે...!!

**(૮)પાવર ગ્રીડ કોર્પોરેશન (૨૯૬) :** ટેકનીકલ ચાર્ટ મુજબ પાવર – ટ્રાન્સમિશન સેક્ટરનો આ સ્ટોક રૂ.૨૮૪ આસપાસ રોકાણકારે રૂ.૩૦૯ થી રૂ.૩૨૦ ના ટાર્ગેટ ભાવની શક્યતાએ તબક્કાવાર રોકાણ કરવું. ટૂંકાગાળે રૂ.૨૭૫ સ્ટોપલોસ ધ્યાને લેવો...!!

## સ્મોલ સેવિંગ્ઝ સ્ક્રીપો

**(૧)ઝોડિયાક કલોથિંગ કંપની (૧૦૯) :** ગાર્મેન્ટ્સ એન્ડ એપેરલ્સ સેક્ટરનો આ સ્ટોક ડિલેવરીબેઈઝ રૂ.૧૧૭ થી રૂ.૧૨૪ ના ભાવની સંભાવના ધરાવે છે...!! રૂ.૯૭ નો સ્ટોપલોસ ધ્યાને લેવો...!!

**(૨)SBFC ફાઈનાન્સ (૧૦૫) :-** ડિલેવરીબેઈઝ રોકાણકારે નોન બેંકિંગ ફાઈનાન્સિયલ કંપની સેક્ટરનાં આ સ્ટોકને ૯૩ ના અતિ મહત્વના સપોર્ટથી ખરીદવા–લાયક...!! ટ્રેડિંગ સંદર્ભે રૂ.૧૧૬ થી રૂ.૧૨૩ સુધીની તેજી તરફી રૂખ નોંધાવશે...!!!

**(૩)નેશનલ ફર્ટિલાઈઝર્સ (૧૦૧) :** ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૯૦ નો પ્રથમ તેમજ રૂ.૮૩ ના સ્ટ્રોંગ સપોર્ટ થી ખરીદવાલાયક...!! ફર્ટિલાઈઝર્સ સેકટરનો આ સ્ટોક ટુંકાગાળે ૧૦૮ થી રૂ.૧૧૭ સુધીના ભાવની સપાટી સ્પર્શી શકે તેવી શકયતા...!!

**(૪)IDBI બેન્ક (૯૭) :** રૂ.૮૮ આસપાસ રોકાણલક્ષી આ સ્ટોક મધ્યગાળે રૂ.૧૦૩ થી રૂ.૧૧૩ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૧૧૭ ઉપર તેજી તરફી ધ્યાન.....!!

The Securities quoted are for illustration only and are not recommendatory. Investment in securities market are subject to market risks. Read Disclaimer and related all the documents carefully before investing, mentioned on www.nikhilbhatt.in
ખાસ નોંધ : ડિસ્કલેમર/પોલીસી/શરતો-www.nikhilbhatt.in ને આધિન...!!

# સ્પોર્ટ્સ ન્યુઝ

### ૮૬ સદી ફટકારનાર બેટ્સમેનનું નિધન

## ઇંગ્લેન્ડના પૂર્વ બેટ્સમેન વેન લાર્કિનનું અવસાન થયું

**પૂર્વ ક્રિકેટર વેન લાર્કિન ગંભીર રીતે બીમાર હતા : વેન લાર્કિનને નેડ તરીકે પણ ઓળખવામાં આવતા હતા**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**લંડન, તા.૨૯:** ભારત અને યજમાન ઈંગ્લેન્ડ ટીમ વચ્ચે ઈંગ્લેન્ડમાં પાંચ મેચની ટેસ્ટ શ્રેણી ચાલી રહી છે. લીડ્સમાં રમાયેલી પહેલી ટેસ્ટ મેચમાં ભારતને ૫ વિકેટથી હરાવીને ઈંગ્લેન્ડે પાંચ મેચની ટેસ્ટ શ્રેણીમાં ૧-૦થી લીડ મેળવી લીધી છે. ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે બીજી ટેસ્ટ મેચ ૨ જુલાઈએ બર્મિંગહામના એસ્બેસ્ટન મેદાન પર રમાશે. આ ટેસ્ટ મેચ ભારતીય સમય મુજબ બપોરે ૩:૩૦ વાગ્યે શરૂ થશે. ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની ટેસ્ટ શ્રેણીની વચ્ચે અચાનક એક દુઃખદ સમાચાર આવ્યા છે. ૪૧,૮૨૦ રન અને ૮૬ સદી ફટકારનાર બેટ્સમેનનું અચાનક અવસાન થયું છે.



આ દુઃખદ સમાચાર ઈંગ્લેન્ડની ધરતી પરથી જ આવ્યા છે. ઈંગ્લેન્ડના એક દિગ્ગજ ક્રિકેટરે અચાનક દુનિયાને અલવિદા કહી દીધું છે. આ મહાન ક્રિકેટરે પોતાની આંતરરાષ્ટ્રીય અને સ્થાનિક ક્રિકેટ કારકિર્દીમાં ૧૩૫૮ ઈનિંગ્સમાં કુલ ૪૧,૮૨૦ રન બનાવ્યા છે, જેમાં ૮૬ સદી અને ૧૮૫ અડધી સદીનો સમાવેશ થાય છે. અચાનક મૃત્યુ પામેલા આ ઈંગ્લેન્ડના ક્રિકેટરનું નામ વેઈન લાર્કિન છે. વેન લાર્કિન આંતરરાષ્ટ્રીય ક્રિકેટ તેમજ નોર્થમ્પ્ટનશાયર, ડરહામ અને બેડફોર્ડશાયર માટે ઘરેલુ ક્રિકેટમાં ઈંગ્લેન્ડ માટે રમી ચૂક્યા છે.

ઈંગ્લેન્ડના પૂર્વ બેટ્સમેન વેન લાર્કિનનું શનિવારે ૭૧ વર્ષની વયે અવસાન થયું. વેન લાર્કિન ગંભીર રીતે બીમાર હતા. વેન લાર્કિનને નેડ તરીકે પણ ઓળખવામાં આવતા હતા. વેન લાર્કિન ૧૯૭૯થી ૧૯૯૧ દરમિયાન ઈંગ્લેન્ડ માટે ૧૩ ટેસ્ટ અને ૨૫ વનડે રમ્યા હતા. ૧૯૭૯ વર્લ્ડ કપ દરમિયાન વેન લાર્કિન ઈંગ્લેન્ડ ટીમ માટે રમી રહ્યા હતા.

ઈંગ્લેન્ડે ૧૯૭૯ વર્લ્ડ કપની અંતિમ મેચ વેસ્ટ ઈન્ડીઝ સામે રમી હતી. ૧૯૭૯ વર્લ્ડ કપની અંતિમ મેચમાં વેન લાર્કિન ખાતું ખોલ્યા વિના પહેલા જ બોલ પર આઉટ થયા હતા. વેસ્ટ ઈન્ડિઝે ૨૩ જૂન ૧૯૭૯ના રોજ ફાઈનલ મેચમાં ઈંગ્લેન્ડને ૯૨ રનથી હરાવીને બીજી વખત ODI વર્લ્ડ કપનો ખિતાબ જીત્યો હતો. વેન લાર્કિને ૪૮૨ ફર્સ્ટ ક્લાસ મેચોમાં ૩૪.૪૪ની સરેરાશથી ૨૭,૧૪૨ રન બનાવ્યા, જેમાં ૫૯ સદી અને ૧૧૬ અડધી સદીનો સમાવેશ થાય છે. વેન લાર્કિને ૪૮૫ LIST-A મેચોમાં ૩૦.૭૫ની સરેરાશથી ૧૩,૫૯૪ રન બનાવ્યા. આ સમય દરમિયાન LIST-A મેચોમાં કુલ ૨૬ સદી અને ૬૬ અડધી સદી તેમના બેટથી આવી. વેન લાર્કિને ઈંગ્લેન્ડ માટે ૧૩ ટેસ્ટ અને 25 ODI આંતરરાષ્ટ્રીય મેચ રમી છે. વેન લાર્કિને તેની ટેસ્ટ કારકિર્દીમાં ૩ અડધી સદીની મદદથી ૪૯૩ રન બનાવ્યા.

વેન લાર્કિને 25 ODI આંતરરાષ્ટ્રીય મેચોમાં ૫૯૧ રન બનાવ્યા. આ સમય દરમિયાન, તેમના બેટથી ૧ સદી નીકળી. જો વેન લાર્કિનના આંતરરાષ્ટ્રીય અને સ્થાનિક ક્રિકેટ કારકિર્દીના રેકોર્ડને જોડવામાં આવે તો, તેમણે ૧૩૫૮ ઈનિંગ્સમાં કુલ ૪૧,૮૨૦ રન બનાવ્યા છે, જેમાં ૮૬ સદી અને ૧૮૫ અડધી સદીનો સમાવેશ થાય છે.

### ખેલાડી હરજીત સિંહને હાર્ટ એટેક આવ્યો હતો

## સિક્સ ફટકાર્યા બાદ બેટ્સમેનને આવ્યો હાર્ટ એટેક, મેદાન પર મોત

**પંજાબના ફિરોઝપુરમાં ક્રિકેટ મેચ દરમિયાન એક બેટ્સમેનને હાર્ટ એટેક આવ્યો જેના કારણે તેનું મોત થયું**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**ફિરોઝપુર, તા.૨૯:** પંજાબના ફિરોઝપુરમાં એક ક્રિકેટ મેચ દરમિયાન એક બેટ્સમેનને હાર્ટ એટેક આવ્યો હતો. જેના કારણે તેનું મોત થયું. આ ઘટનાનો વીડિયો પણ સામે આવ્યો છે. જેમાં જોઈ શકાય છે કે યુવક બેટિંગ કરી રહ્યો છે અને એક બોલ પર સિક્સર પણ ફટકારી રહ્યો છે. પરંતુ આ પછી તે જમીન પર બેઠો હતો. સાથી ખેલાડીઓ કંઈ સમજી શકે ત્યાં સુધીમાં તે યુવક જમીન પર ઢળી પડ્યો.

જોકે, આ પછી મેદાનમાં હાજર અન્ય સાથી ખેલાડીઓ તેની પાસે પહોંચ્યા અને સીપીઆર આપ્યું. પરંતુ તેને બચાવી શકાયો નહીં અને તેનું મોત નીપજ્યું. આ ઘટનાએ અન્ય ખેલાડીઓમાં સનસનાટી મચાવી દીધી. આ સમગ્ર મામલો ફિરોઝપુરના ગુરુહર સહાયનો હોવાનું સામે આવ્યું છે.

માહિતી મુજબ, રવિવારે સવારે ક્રિકેટ રમતી વખતે સિક્સર ફટકાર્યા બાદ ખેલાડી હરજીત સિંહને હાર્ટ એટેક આવ્યો હતો. જેના કારણે તેનું મોત થયું. હરજીત સિંહ સારી બેટિંગ કરી રહ્યો હતો. આ ઘટના ડીએવી સ્કૂલના મેદાનની છે. આ ઘટનાનો વીડિયો તેની સાથે રમતા અન્ય ખેલાડીઓએ કેમેરામાં કેદ કર્યો હતો.

આ આખી ઘટનાનો વીડિયો પણ સામે આવ્યો છે. જેમાં જોઈ શકાય છે કે હરજીત સફેદ અને કાળા રંગનું ટી-શર્ટ પહેરેલું છે. બેટિંગ કરતી વખતે તેણે લાંબી સિક્સર ફટકારી અને જમીન પર બેસી ગયો. આ પછી છાતીમાં દુખાવો થવાને કારણે તે ઢળી પડ્યો. સાથી ખેલાડીઓ દ્વારા તેને સીપીઆર આપવામાં આવ્યું. પરંતુ તેને બચાવી શકાયો નહીં.

### શુભમન ગિલ અનુભવ સાથે શીખી શકે છે : રવિ શાસ્ત્રી

## ટીકાઓનો સામનો કરી રહેલા ગિલની વહારે આવ્યા રવિશાસ્ત્રી

**પૂર્વ કોચ રવિ શાસ્ત્રીએ કહ્યું કે, શુભમન ગિલને સમય આપો, તે અનુભવ સાથે આ ભૂમિકામાં આગળ વધશે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૯ :** શુભમન ગિલની કેપ્ટન તરીકેની કારકિર્દી તેની ઈચ્છા મુજબ શરૂ થઈ ન હતી. હેડિંગ્લી ટેસ્ટમાં ૫ સદી ફટકારવા છતાં ભારતીય ટીમને હારનો સામનો કરવો પડ્યો હતો અને આ ટેસ્ટ સીરિઝમાં ભારત ૦-૧ થી પાછળ છે.

પહેલી ટેસ્ટ પછી શુભમન ગિલની કેપ્ટનશીપ પર ઘણાં સવાલો ઊભા થઈ રહ્યા છે. જો કે તેમને પૂર્વ કોચ રવિ શાસ્ત્રીનો ટેકો મળ્યો છે. તેમણે કહ્યું કે, તેને (શુભમન ગિલ) સમય આપો. તે અનુભવ સાથે આ ભૂમિકામાં આગળ વધશે.

શુભમન ગિલની કેપ્ટનશીપ કારકિર્દીની શરૂઆત ખૂબ જ મુશ્કેલ રહી છે, ટીમમાં રોહિત શર્મા અને વિરાટ કોહલી બંને નથી, જે તેમને માર્ગદર્શન આપી શકે છે. આ દરમિયાન લીડ્સ ટેસ્ટમાં ભારત પહેલી મેચ હાર્યા છે. ત્યારે રવિ શાસ્ત્રીએ કહ્યું કે, શુભમન ગિલમાં સંયમ હોવાથી તેને અન્ય ખેલાડીઓથી અલગ પાડે છે. જો ગિલ આગળ વધી શકશે નહીં તો મને નિરાશા થશે. સુસ્ત, આળસુ અને તેજસ્વી, અને જ્યારે તે બેટિંગ કરે છે ત્યારે તેનો શાહી અંદાજ હોય છે. જો તે અનુભવ સાથે શીખી શકે છે અને પરિસ્થિતિઓમાં અનુકૂલન સાધી શકે છે. પૂર્વ કોચ રવિ શાસ્ત્રીએ કહ્યું કે, બીસીસીઆઈ, મુખ્ય કોચ ગૌતમ ગંભીર અને મુખ્ય પસંદગીકાર અજિત અગરકરને શુભમન ગિલને કેપ્ટન તરીકે પોતાને સાબિત કરવા માટે ત્રણ વર્ષનો સમય આપવો જોઈએ. સીરિઝમાં ગમે તે થાય, તેનામાં કોઈ ફેરફાર ન કરો. અને મને લાગે છે કે તે તમારા માટે સારું કરશે. ઉલ્લેખનીય છે કે, ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાઈ રહેલી ૫ મેચોની ટેસ્ટ સીરિઝના પહેલી ટેસ્ટ મેચમાં ઈંગ્લેન્ડે ભારતને ૫ વિકેટથી હરાવ્યું છે. ભારતના ૩૭૧ રનના ટાર્ગેટને ઈંગ્લેન્ડે બેન ડકેટ અને ક્રાઉલી બાદ રૂટની શાનદાર ઈનિંગના દમ પર સરળતાથી ચેઝ કરી લીધો છે. ભારતની બેટિંગ મજબૂત રહી હતી, જોકે બોલરો નિષ્ફળ જતા પ્રથમ ટેસ્ટ ગુમાવવી પડી છે. અંતે ૫ મેચોની સીરિઝમાં યજમાન ટીમ હવે ૧-૦થી આગળ છે.

### ઘાયલોને તાત્કાલિક પુરી જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા

# પુરીના શ્રી ગુંડિચા મંદિર પાસે મચી નાસભાગ, ૩ લોકોના મોત, ૩૦ ઘાયલ

**ભક્તો ભગવાનના દર્શન કરવા માટે શ્રી ગુંડિચા મંદિરની સામે મોટી સંખ્યામાં એકઠા થયા હતા ત્યારે ધક્કામુક્કી અને નાસભાગ જેવી સ્થિતિ સર્જાઈ હતી**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**પુરી, તા.૨૯**

ઓડિશાના પુરીમાં શ્રી ગુંડિચા મંદિર પાસે નાસભાગ મચી ગઈ હતી, જેમાં ઓછામાં ઓછા ત્રણ ભક્તોના મોત થયા હતા. આ સાથે, ઓછામાં ઓછા ૩૦ ભક્તો ઘાયલ થયા હોવાના અહેવાલ છે. મૃતકોમાં ૨ મહિલાઓ પણ હતી. આ ઘટના ત્યારે બની જ્યારે ભગવાન જગન્નાથ, ભગવાન બલભદ્ર અને દેવી શુભદ્રાની મૂર્તિઓ લઈને જતા ત્રણ રથ શ્રી ગુંડિચા મંદિરમાંથી પસાર થઈ રહ્યા હતા, જે જગન્નાથ મંદિરથી લગભગ ત્રણ કિલોમીટર દૂર છે, જ્યાંથી યાત્રા શરૂ થઈ હતી.

આજે સવારે લગભગ ૪.૩૦ વાગ્યે પવિત્ર રથ ગુંડિચા મંદિરમાંથી પસાર થઈ રહ્યા હતા. દર્શન માટે ભારે ભીડ એકઠી થઈ હતી. રથ નજીક પહોંચતા જ ભીડ ઝડપથી વધવા લાગી. કેટલાક લોકો પડી ગયા અને ભાગદોડ મચી ગઈ. ત્રણ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા.

આમાં બે મહિલાઓ પ્રભાતી દાસ અને બસંતી સાહુ અને ૭૦ વર્ષીય પ્રેમકાંત મોહંતીનો સમાવેશ થાય છે. મૃતકો ઓડિશાના ખુર્દા જિલ્લાના રહેવાસી છે અને રથયાત્રા માટે પુરી આવ્યા હતા. સ્થાનિક મીડિયાએ અહેવાલ આપ્યો છે કે પોલીસ વ્યવસ્થા સ્થળ પર ભીડને નિયંત્રિત કરવા માટે અપૂરતી હતી. અહેવાલો અનુસાર, ઘાયલોમાંથી કેટલાકની હાલત ગંભીર છે.

ઘાયલોને તાત્કાલિક પુરી જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે. આ ઘટના શ્રી ગુંડિચા મંદિરની સામે શારદાબલી નજીક બની હતી, જ્યારે ભગવાન જગન્નાથને રથ પર બેઠેલા જોવા માટે મોટી ભીડ એકઠી થઈ હતી.

આટલા મોટા ધાર્મિક કાર્યક્રમમાં જ્યાં લાખો લોકો ભેગા થાય છે, ત્યાં ભીડ નિયંત્રણ અને સુરક્ષા વ્યવસ્થાની તૈયારી પર પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે. ઘટનામાં ઘાયલોને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સમાં જિલ્લા હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. ડોક્ટરોની ટીમ સતત તેમની સારવાર કરી રહી છે. કેટલાક ઘાયલોની હાલત ગંભીર હોવાનું કહેવાય છે. રથયાત્રા દરમિયાન, ભગવાન જગન્નાથ, ભગવાન બલભદ્ર અને દેવી શુભદ્રાની મૂર્તિઓ લઈને જતા ત્રણ ભવ્ય રથોને ભક્તોની વિશાળ ભીડ દ્વારા ખેંચવામાં આવે છે. પવિત્ર રથોને ગુંડિચા મંદિરમાં લઈ જવામાં આવે છે. ત્રણેય દેવતાઓ જગન્નાથ મંદિરમાં પાછા ફરતા પહેલા ત્યાં એક અઠવાડિયું વિતાવે છે. આ દરમિયાન, આ વખતે રથયાત્રા શરૂ થવામાં વિલંબથી રાજકીય વિવાદ થયો છે. બીજેડી વડા અને ભૂતપૂર્વ મુખ્યમંત્રી નવીન પટનાયકે તેને ભયંકર ગડબડ ગણાવી હતી. તેમણે કહ્યું, "આપણે ફક્ત પ્રાર્થના કરી શકીએ છીએ. મહાપ્રભુ જગન્નાથ આ વર્ષે આ દિવ્ય તહેવાર પર થયેલી ભયંકર ગડબડ માટે જવાબદાર તમામને માફ કરે." ઓડિશાના કાયદા મંત્રી પૃથ્વીરાજ હરિચંદને શ્રી પટનાયકનું નામ લીધું ન હતું, પરંતુ રાજકીય નિવેદનો આપવા બદલ બીજેડી પર ટીકા કરી હતી. તેમણે કહ્યું, "ભૂતકાળમાં, બીજેડી સરકારે ભૂલો કરી છે અને ભગવાન જગન્નાથનું અપમાન કર્યું છે."

### પુરી રથયાત્રામાં નાસભાગની ઘટનામાં કાર્યવાહી

## બે અધિકારી સસ્પેન્ડ, જિલ્લા કલેક્ટર-SPની બદલી કરાઈ

**મુખ્યમંત્રીએ મૃતક શ્રદ્ધાળુઓના પરિવારજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી : ૨૫ લાખની નાણાકીય સહાય અપાશે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**પુરી, તા.૨૯**

ઓડિશાના પુરીમાં ગુંડીચા મંદિર પાસે બનેલી નાસભાગની ઘટના પર માઝી સરકારે મોટી કાર્યવાહી હાથ ધરી છે. તેમણે અવ્યવસ્થા સર્જાવવા બદલ બે અધિકારીઓને સસ્પેન્ડ કર્યા છે. ફરજમાં બેદરકારી બદલ ડીસીપી વિષ્ણુ પતિ અને કમાન્ડન્ટ અજય પાધીને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

પુરીના જિલ્લા કલેક્ટર અને પોલીસ અધિક્ષક (એસપી)ની પણ બદલી કરવામાં આવી છે. ચંચલ રાણાને નવા જિલ્લા કલેક્ટર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. જ્યારે પિનાક મિશ્રાને નવા એસપીની જવાબદારી સોંપવામાં આવી છે. ઓડિશા સરકારે આ નાસભાગમાં જીવ ગુમાવનારા મૃતકોના પરિવારજનોને રૂ. ૨૫ લાખની આર્થિક સહાયતા પણ પ્રદાન કરી છે. રાજ્યના મુખ્યમંત્રી મોહન ચરણ માઝીના કાર્યાલયે આ અંગે માહિતી આપી હતી.

મુખ્યમંત્રી કાર્યાલયે સીએમ મોહન માઝીને ટાંકીને કહ્યું હતું કે, આ ઘટનાથી હું ખૂબ જ દુઃખી અને વ્યથિત છું. રાજ્ય સરકાર વતી વ્યક્તિગત રીતે દુઃખ વ્યક્ત કર્યું છે. મુખ્યમંત્રીએ મૃતક શ્રદ્ધાળુઓના પરિવારજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે અને તેમના પરિવારજનોને ૨૫ લાખ રૂપિયાની નાણાકીય સહાય આપવા નિર્ણય લીધો છે. આ ઘટના માટે સંપૂર્ણ વહીવટી તપાસના આદેશ આપ્યા છે. વિકાસ કમિશનરની દેખરેખ હેઠળ વિગતવાર વહીવટી તપાસના આદેશ આપવામાં આવ્યા છે.

સીએમઓએ વધુમાં જણાવ્યું હતું કે, પુરીના જિલ્લા મેજિસ્ટ્રેટ અને એસપીની બદલી કરવામાં આવી છે.

ચંચલ રાણાને નવા જિલ્લા મેજિસ્ટ્રેટ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે, જ્યારે પિનાક મિશ્રાને નવા એસપીની જવાબદારી સોંપવામાં આવી છે. આ સાથે, ડીસીપી બિષ્ણુ પતિ અને કમાન્ડન્ટ અજય પાઢીને ફરજમાં બેદરકારી બદલ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. મહાપ્રભુની રથયાત્રા આપણા ઓડિશા રાજ્યનું ગૌરવ છે. તેમાં કોઈપણ પ્રકારની બેદરકારી સહન કરવામાં આવશે નહીં. જવાબદાર તમામ લોકો સામે કાર્યવાહી કરવામાં આવશે.

મુખ્યમંત્રી મોહન ચરણ માઝીએ રથયાત્રામાં જગન્નાથ ભગવાનના દર્શન દરમિયાન થયેલી નાસભાગ પર દુઃખ વ્યક્ત કર્યું હતું. તેમણે નાસભાગ માટે માફી માંગી કહ્યું કે નાસભાગના કારણે થયેલી દુર્ભાગ્યપૂર્ણ દુર્ઘટના બદલ હું જગન્નાથ ભગવાનના તમામ ભક્તોની દિલથી માફી માંગુ છું.

પુરીમાં રથયાત્રા દરમિયાન શ્રી ગુંડીચા મંદિર પાસે રવિવારે સવારે ૪:૩૦ વાગ્યે દર્શન માટે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ એકત્રિત થયા હતાં. તે દરમિયાન ટ્રક ભગવાનના રથની વચોવચ આવી જતાં ભીડ સર્જાઈ હતી અને ધક્કા-મુક્કી થતાં નાસભાગ જેવી સ્થિતિ સર્જાઈ ગઈ હતી. જેમાં ત્રણના મોત થયા હતાં. જ્યારે ૧૦થી વધુ લોકો ઘાયલ થયા હતાં. મૃતકોમાં બે મહિલા સામેલ હતી.

## ફરીથી આમને-સામને હશે ભારત અને પાકિસ્તાન!

**૧૦મી સપ્ટેમ્બરે શરૂ થવાની તૈયારીમાં છે : આ ટુર્નામેન્ટમાં છ દેશો ભાગ લે તેવી શક્યતા છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૯**

એશિયા કપ ૨૦૨૫ને લઈને એક મહત્ત્વના સમાચાર સામે આવ્યા છે. અહેવાલો અનુસાર, એશિયન ક્રિકેટ કાઉન્સિલ (ACC)એ આ ટુર્નામેન્ટનું આયોજન કરવાનો નિર્ણય લીધો છે. જે સપ્ટેમ્બર મહિનામાં શરૂ થઈ શકે છે. એવી અપેક્ષા છે કે ભારત અને પાકિસ્તાન બંને આ ટુર્નામેન્ટમાં ભાગ લઈ શકે છે.

અહેવાલો અનુસાર, એશિયન ક્રિકેટ કાઉન્સિલ (ACC) એશિયા કપ ૨૦૨૫નું આયોજન કરવાની યોજના બનાવી રહ્યું છે. જે ૧૦મી સપ્ટેમ્બરે શરૂ થવાની તૈયારીમાં છે. આ ટુર્નામેન્ટમાં છ દેશો ભાગ લે તેવી શક્યતા છે. ઉપરાંત તેના શેડ્યૂલ વિશેની માહિતી જુલાઈના પહેલા અઠવાડિયામાં જાહેર થઈ શકે છે.

ભારત, પાકિસ્તાન, બાંગ્લાદેશ, અફઘાનિસ્તાન, શ્રીલંકા અને યુએઈની ટીમ એશિયા કપ ૨૦૨૫માં ભાગ લઈ શકે છે. એશિયા કપ ભારતના યજમાનીમાં રમવાનો છે. વર્ષ ૨૦૨૩ એશિયા કપનું આયોજન પાકિસ્તાન દ્વારા કરવામાં આવ્યું હતું અને ભારત સામેની મેચો શ્રીલંકામાં હાઈબ્રિડ મોડેલ પર રમાઈ હતી. જો ૨૦૨૫માં એશિયાનું આયોજન થાય છે, તો તે પણ હાઈબ્રિડ મોડેલ પર રમાશે. ICCએ ભારત અને પાકિસ્તાન માટે હાઈબ્રિડ મોડેલના નિયમને પણ સ્વીકાર્યો છે.

જો એશિયા કપ ૨૦૨૫નું આયોજન ભારત અથવા પાકિસ્તાન થાઈ છે, તો બંને દેશો વચ્ચેની મેચ તટસ્થ દેશમાં રમાશે. એટલે કે, જો ભારત યજમાન હોય, તો પાકિસ્તાનની ટીમ તેની બધી મેચ હાઈબ્રિડ મોડેલ પર રમશે અને જો પાકિસ્તાન યજમાન હોય, તો ભારતીય ટીમ તેની બધી મેચ હાઈબ્રિડ મોડેલ પર રમશે.

ઉલ્લેખનીય છે કે, પહેલગામ આતંકી હુમલા પછી બંને દેશો વચ્ચે વધતા તણાવને કારણે એશિયા કપ પર ખતરો મંડરાઈ રહ્યો હતો. એવું માનવામાં આવતું હતું કે ભારત અને પાકિસ્તાન હવે ક્રિકેટના મેદાન પર સાથે રમતા જોવા મળશે નહીં.

### વિવાદિત અમ્પાયરિંગ સામે અવાજ ઊઠાવનારને દંડ

## વેસ્ટ ઈન્ડિઝના કોચને ICCએ ફટકાર્યો મોટો દંડ

**પ્રેસ કોન્ફરન્સમાં સેમીએ થર્ડ અમ્પાયરની વિવાદિત એમ્પાયરિંગ વિશે સવાલો ઉઠાવતાં દંડ ફટકાર્યો હતો**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**બાર્બાડોસ, તા.૨૯**

બાર્બાડોસમાં ઓસ્ટ્રેલિયા સામેની પ્રથમ ટેસ્ટ દરમિયાન ટીવી અમ્પાયર એડ્રિયન હોલ્ડસ્ટોકની જાહેરમાં ટીકા કરવા બદલ વેસ્ટ ઈન્ડિઝ ક્રિકેટ ટીમના કોચ ડેરેન સેમીને મેચ ફીના ૧૫% દંડ ફટકારવામાં આવ્યો છે. સેમીએ બીજા દિવસે ડિસિઝન રિવ્યૂ સિસ્ટમ (DRS) ના નિર્ણયો પર ચિંતા વ્યક્ત કરી હતી. મેચ પછીની પ્રેસ કોન્ફરન્સમાં સેમીએ થર્ડ અમ્પાયરની વિવાદિત એમ્પાયરિંગ વિશે સવાલો ઉઠાવતાં આઈસીસીએ તેને દંડ ફટકાર્યો હતો. ઓસ્ટ્રેલિયા સામેની પ્રથમ ટેસ્ટમાં વેસ્ટ ઈન્ડિઝને હારનો સામનો કરવો પડ્યો હતો. વેસ્ટ ઈન્ડિઝે ઓસ્ટ્રેલિયા સામેની ટેસ્ટ મેચ દરમિયાન થર્ડ અમ્પાયર દ્વારા ૧-૨ નહીં પરંતુ ઘણી વખત ખોટા નિર્ણયો આપવામાં આવ્યા હતા. સેમીએ તેના પર પ્રશ્નો ઉઠાવતાં તેને દંડ ફટકાર્યો છે. સેમીએ જાહેરમાં એટલા માટે ટીકા કરી હતી, કારણ કે મોટાભાગના નિર્ણયો તેની ટીમની વિરુદ્ધમાં હતા.

આ વિવાદ ઓસ્ટ્રેલિયાના ટ્રેવિસ હેડથી શરૂ થયો હતો. જેને એમ્પાયરે નોટઆઉટ આપ્યો હતો. જ્યારે વેસ્ટ ઈન્ડિઝના શાઈ હોપને આઉટ જાહેર કરવામાં આવ્યો હતો, બંનેના કેચમાં સમાનતા હતી. સેમીએ રોસ્ટન ચેઝ અને ઓસ્ટ્રેલિયાના કેમેરોન ગ્રીનને લગતા LBW રેફરલ્સના વિપરીત નિર્ણય પર પણ ભાર મૂક્યો હતો. સેમીએ કહ્યું હતું કે, જે તસવીરો આપણે જોઈ રહ્યા છીએ, તેનાથી લાગે છે કે, બંને ટીમ માટે નિર્ણય નિષ્પક્ષ લેવામાં આવ્યા નથી. હું માત્ર નિષ્પક્ષતા ઈચ્છું છું.

સેમીની મેચ અધિકારી વિરૂદ્ધ નિવેદનબાજીને આઈસીસીએ આચાર સંહિતાનું ઉલ્લંઘન ગણાવ્યું છે. અગાઉ, વેસ્ટ ઈન્ડિઝ ટીમના ફાસ્ટ બોલર જેડન સીલ્સ પર પણ મેચ ફીના ૧૫ ટકા દંડ ફટકારવામાં આવ્યો છે. નોંધનીય છે, વેસ્ટ ઈન્ડિઝ ત્રણ મેચની સીરિઝમાં ૦-૧થી પાછળ છે. બાર્બાડોસમાં રમાયેલી ટેસ્ટની પ્રથમ ઈનિંગમાં, વેસ્ટ ઈન્ડિઝે ચોક્કસપણે ઓસ્ટ્રેલિયાને આકરી ટક્કર આપી હતી. જેમાં તેણે ઓસ્ટ્રેલિયાના ૧૮૦ રન સામે ૧૯૦ રન બનાવી ૧૦ રનની લીડ મેળવી હતી. પરંતુ બીજી ઈનિંગમાં, કાંગારૂઓએ ૩૧૦ રન બનાવ્યા હતા. જેની સામે વેસ્ટ ઈન્ડિઝ ફક્ત ૧૪૧ રન બનાવી શકી હતી.

## પટનીટોપમાં ED ના દરોડા, કરોડોની જમીન જપ્ત કરાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**જમ્મુ, તા.૨૯**

જમ્મુ કાશ્મીરના એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) એ એક મોટી કાર્યવાહી હાથ ધરી હતી. ED એ પટનીટોપ વિસ્તારમાં ૧૫.૭૮ કરોડ રૂપિયાની મિલકતો જપ્ત કરી છે. આમાં જમીન, ઈમારતો અને ત્રણ હોટલ હોટેલ પાઈન હેરિટેજ, હોટેલ ડ્રીમ લેન્ડ અને હોટેલ શાહી સંતૂરનો સમાવેશ થાય છે. આ કાર્યવાહી PMLA એટલે કે પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ હેઠળ કરવામાં આવી હતી.

ED ની આ કાર્યવાહી CBI દ્વારા નોંધાયેલી FIR ના આધારે કરવામાં આવી છે. FIRમાં કહેવામાં આવ્યું હતું કે પટનીટોપ વિસ્તારમાં ઘણી હોટલો અને ગેસ્ટ હાઉસે PDA (પટનીટોપ ડેવલપમેન્ટ ઓથોરિટી ) ની મંજૂરી વિના ગેરકાયદે બાંધકામો કર્યા હતા અને જંગલ, ખેતીની જમીન અને રહેણાંક વિસ્તારોમાં ગેરકાયદેસર રીતે હોટલો ચલાવી હતી. રહેણાંક ઈમારતોનો વાણિજ્યિક ઉપયોગ. PDA અધિકારીઓએ જાણી જોઈને આ ગેરરીતિઓ પર ધ્યાન આપ્યું ન હતું. સ્પષ્ટ છે કે PDA અધિકારીઓ પણ આ ગેરકાયદે હોટલોના સંચાલનમાં સામેલ છે.

જ્યારે, ED ની તપાસમાં સ્પષ્ટપણે દર્શાવવામાં આવ્યું હતું કે આ હોટલોએ નિયમોનું ઉલ્લંઘન કર્યું હતું અને નિર્ધારિત નિયમો કરતાં વધુ બાંધકામ કર્યું હતું અને તેમાંથી મોટો નફો પણ મેળવ્યો હતો. તપાસમાં બહાર આવ્યું હતું કે હોટેલ પાઈન હેરિટેજ, હોટેલ ડ્રીમ લેન્ડ અને હોટેલ શાહી સંતુરે PDA ની પરવાનગી કરતાં ઘણું વધારે બાંધકામ કર્યું હતું અને તેમાંથી આવક પણ મેળવી હતી. આ બધું નિયમોની વિરુદ્ધ હતું અને આમાં ગેરકાયદેસર રીતે પૈસા કમાયા હતા.

આ કેસમાં, ED એ અગાઉ જાન્યુઆરી ૨૦૨૫ માં કાર્યવાહી કરી હતી અને હોટેલ ત્રિનેત્ર રિસોર્ટ્સ અને હોટેલ ગ્રીન ઓર્કિડની લગભગ ૧૪.૯૩ કરોડ રૂપિયાની મિલકતો જપ્ત કરી હતી. ઈડીનું કહેવું છે કે આ કેસની તપાસ હજુ પણ ચાલુ છે અને વધુ મિલકતો અથવા લોકોની ભૂમિકા સામે આવી શકે છે.

આ કેસમાં, એ પણ તપાસ કરવામાં આવી રહી છે કે પટની ટોપ ડેવલપમેન્ટ ઓથોરિટી (PDA) દ્વારા બનાવેલા નિયમોનું ઉલ્લંઘન કેવી રીતે થયું. શું PDAનો કોઈ કર્મચારી આમાં સામેલ છે?

# માનવતાની નિષ્કામ સેવાનાં ભાવથી માંડામાં ૩૮૭ નિરંકારી ભક્તોએ કર્યું રક્તદાન



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૯**

સંત નિરંકારી મિશનની સામાજિક શાખા સંત નિરંકારી ચેરિટેબલ ફાઉન્ડેશનના નેજા હેઠળ સંત નિરંકારી સત્સંગ ભવન, માંડા ખાતે રવિવાર, ૨૯ જૂન ૨૦૨૫ના રોજ સવારે ૧૦ કલાકેથી એક ભવ્ય રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

‘‘ રક્ત નાડીઓ બહે, નાલીયો મે નહીં’’ના સૂત્રથી પ્રેરણા લઈ નિષ્કામ ભાવથી માનવ સેવા કરવાની સતગુરુ માતા સુદીક્ષા મહારાજની શીખને અપનાવીને નિરંકારી ભક્તો, સેવાદળના સ્વયંસેવકો અને આસપાસના નાગરિકોએ આ શિબિરમાં ઉત્સાહપૂર્વક ભાગ લેતા કુલ ૩૮૭ યુનિટ રક્ત એકત્રિત થયું હતું. આ રક્તદાન શિબિરમાં વલસાડ રક્તદાન કેન્દ્ર તથા GMERS મેડિકલ કોલેજ અને હોસ્પિટલ દ્વારા એકત્રિત કરવામાં આવ્યું હતું

આ રક્તદાન શિબિરનું ઉદ્‌ઘાટન દક્ષિણ ગુજરાતના પ્રભારી શ્રી ઓમકાર સિંહના કરકમલો દ્વારા કરવામાં આવ્યું હતું. તેમણે કહ્યું કે, નિરંકારી બાબા હરદેવસિંહ મહારાજનું કથન, ‘‘ રક્ત નાડીઓ બહે, નાલીયો મે નહીં’’ને સામે રાખીને માનવજાતની શ્રેષ્ઠતા બનાવી રાખવા માટે તેને બધા ભેદભાવોથી ઉપર ઉઠી એકબીજાની સહાયતા કરવાની પ્રેરણા આવા રક્તદાન શિબિરોમાંથી પ્રાપ્ત થાય છે.

આ અવસરે ઉમરગામ તાલુકાના ધારાસભ્ય શ્રી રમણલાલ પાટકર અને યુવાશક્તિ ચેરીટેબલ ટ્રસ્ટનાં પ્રમુખ શ્રી રાકેશભાઈ રાય એ શિબિરની સૌજન્ય મુલાકાત લીધી હતી. તેમજ આજુબાજુ વિસ્તારનાં તાલુકા પંચાયત પ્રમુખ, જિલ્લા પંચાયત પ્રમુખ, જિલ્લા પંચાયત સભ્ય, ભાજપ પ્રમુખ, પૂર્વ ધારાસભ્ય અને સ્થાનિક વિસ્તાર જેમ કે માંડા, મમકવાડા, કનાડુ, બિલિયા, આહુ, પાલી કરમબેલી વગેરે ગામોના સરપંચો અને ગામનાં મહાનુભાવોનું સ્વાગત કર્યુ હતું અને કૃતજ્ઞતા પણ વ્યક્ત કરી, મહાનુભાવોએ સંત નિરંકારી મંડળ દ્વારા કરવામાં આવતી નિઃસ્વાર્થ સેવાઓની પ્રશંસા પણ કરી હતી.

આ શિબિરમાં સંત નિરંકારી મંડળના સુરત શ્રેત્રના શ્રેત્રિય સંચાલક, સોશીયલ વેલ્ફેર કોર્ડિનેટર, ઉમરગામ સેક્ટર સયોંજક, માંડા બ્રાંચ મુખી અને સ્થાનિક સેવાદળ અને સંત નિરંકારી ચેરિટેબલ ફાઉન્ડેશનના સ્વયંસેવકોનાં સહયોગથી સફળતાપૂર્વક સંપન્ન થયું હતું.

# રાજ્યના નાણાં મંત્રી કનુભાઈ દેસાઈના અધ્યક્ષસ્થાને વાપી અને પારડીમાં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ યોજાયો

**આજનું બાળક દેશની આવતીકાલનું ઉજ્જવળ ભવિષ્ય હોવાથી દરેક બાળક શિક્ષણ મેળવે એ જરૂરી છેઃ મંત્રી કનુભાઈ દેસાઈ**





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૯**

શાળામાં બાળકોનું ૧૦૦ ટકા નામાંકન થાય અને કન્યા કેળવણીના ધ્યેયને સિદ્ધ કરવા માટે રાજ્યના નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી શ્રી કનુભાઈ દેસાઈના અધ્યક્ષસ્થાને વલસાડ જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ સંચાલિત વાપીની કન્યા વિદ્યામંદિર શાળા, કોપરલી મુખ્ય પ્રાથમિક શાળા, પારડીના સુખેશ ગામની કોથળ ફળિયા પ્રાથમિક શાળા અને સ્વામી વિવેકાનંદ ઉ.બુ. વિદ્યાલયમાં કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવના ત્રીજા અંતિમ દિવસે ઉજવણી કરવામાં આવી હતી.

સર્વ શિક્ષા અભિયાન મિશનના મુખ્ય ત્રણ ધ્યેય નામાંકન, સ્થાયીકરણ અને ગુણવત્તાસભર શિક્ષણને સાકાર કરવાના આ પ્રસંગે મંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું કે, દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતનું સુકાન સંભાળ્યું ત્યારથી નવા નવા આયામો સર કર્યા હતા. જેમાં જ્યોતિ ગ્રામ યોજના હેઠળ ૨૪ કલાક વીજળી, સાગરખેડુ યોજના, વનબંધુ યોજના, વાઈબ્રન્ટ ગુજરાત, કૃષિ મહોત્સવ અને આજનું બાળક દેશની આવતીકાલનું ઉજ્જવળ ભવિષ્ય હોવાથી દરેક બાળકો શિક્ષણ મેળવે તે માટે શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્ત્સવની શરૂઆત કરાવી હતી. જે આજે પણ રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં સમગ્ર ગુજરાતમાં ચાલી રહ્યુ છે. વાપી મહાનગરપાલિકા છે, અહીં અનેક ખાનગી સ્કૂલો હોવા છતાં આ સરકારી શાળામાં બાળકોએ વધુ પ્રવેશ મેળવ્યો છે જે આનંદની વાત છે.

વડાપ્રધાનશ્રીએ બેટી બચાવો,બેટી પઢાવો અભિયાન હેઠળ કન્યા કેળવણી મહોત્ત્સવ અને પર્યાવરણની રક્ષા માટે એક પેડ, માં કે નામ અભિયાન શરૂ કરાવતા સૌથી વધુ વૃક્ષો રોપાયા છે. ક્લાઈમેટ ચેન્જના સમયમાં આપણે વધુ વૃક્ષો વાવવા સંકલ્પ લઈ આપણા ગુજરાતને હરિયાળું બનાવીએ. વધુમાં મંત્રીશ્રીએ રોડ સેફટી અંગે બાળકોને સમજણ આપી હતી. નમો લક્ષ્મી અને નમો સરસ્વતી યોજનાનો દીકરીઓ લાભ રહી છે તે જાણીને આનંદ થયો છે. વાલીઓ અને શિક્ષકોએ જાગૃત થઈ વધુમાં વધુ બાળકોને શિક્ષણ ઉપયોગી યોજનાનો લાભ લે એવા પ્રયાસ કરવા જોઈએ. બાળકોના ભવિષ્ય ઘડતર માટે બધા સાથે મળી કામ કરીશું તો સમસ્ત ગામ, રાજ્ય અને રાષ્ટ્રનો વિકાસ થશે.

શાળાના તેજસ્વી વિદ્યાર્થીઓ, વિશિષ્ટ સિદ્ધિ મેળવનાર વિદ્યાર્થિનીઓ, શાળામાં ૧૦૦ ટકા હાજરી ધરાવનાર વિદ્યાર્થીઓના વાલીઓ અને શાળાના વિકાસ માટે યોગદાન આપનાર ખાનગી સંસ્થાઓ તેમજ દાતાશ્રીઓ અને નાની વયમાં એવરેસ્ટ સર કરનાર સુખેશ ગામના વિદ્યાર્થી દક્ષ પટેલનું મંત્રી શ્રી કનુભાઈ દેસાઈના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.

મંત્રીશ્રીએ શૈક્ષણિક કીટ ભેટ સ્વરૂપે આપી કન્યા વિદ્યામંદિરની આંગણવાડીમાં ૫ બાળા, બાલવાટિકામાં ૪૪, ધો.૧મા ૧૬, ધો. ૬ માં ૪૦ બાળા, કોપરલી મુખ્ય પ્રાથમિક શાળામા આંગણવાડીના બે, બાલવાટિકામાં ૧૩, ધો.૬માં ૧૯ બાળકો જ્યારે સુખેશ કોથળ ફળિયા પ્રાથમિક શાળામાં ધો.૧માં ૧૫, ધો.૬મા ૧૪, સ્વામી વિવેકાનંદ ઉત્તર બુનિયાદી વિધાલયમાં ધો.૯ માં બે, અને ધો.૧૧ માં ૩૪ વિધાર્થીઓને તાળીઓના ગડગડાટ સાથે પ્રવેશ કરાવ્યો હતો.

કન્યા વિદ્યામંદિર શાળામાં વેલસ્પન કંપની અને માં ફાઉન્ડેશન, કોપરલી શાળામાં રોટરેક્ટ કલબ, રામ ફાયનાન્સ દ્વારા બાળકોને શિક્ષણ ઉપયોગી કીટ આપવામાં આવી હતી. શાળાની બાળાઓએ નૃત્ય સાથે પ્રાર્થના રજૂ કરી હતી. ‘બેટી બચાવો, બેટી પઢાવો’, ‘વૃક્ષ વાવો, પર્યાવરણ બચાવો’ અને ‘સ્વચ્છ ભારત અભિયાન’ ૩ વિષય પર વિવિધ શાળાના વિદ્યાર્થીઓએ વક્તવ્ય આપ્યું હતું. સ્કૂલ મેનેજમેન્ટ કમિટી સાથે મંત્રીશ્રીએ બેઠક કરી બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે માર્ગદર્શન આપ્યું હતું. ત્યારબાદ તેમના હસ્તે શાળા પરિસરમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે વીઆઈએ પ્રમુખ શ્રી સતીષભાઈ પટેલ, સરદાર ભિલાડવાળા બેંકના ડિરેકટર શ્રી મિતેષભાઈ દેસાઈ, વાપી શહેર સંગઠન પ્રમુખ શ્રી મનીષભાઈ દેસાઈ, ક્વોરી એસોસિએશનના પ્રમુખ શ્રી મુકેશભાઈ ઠાકુર, વાપીના ઈન્ચાર્જ તાલુકા વિકાસ અધિકારી શ્રી કમલેશભાઈ પટેલ, પારડી તાલુકા વિકાસ અધિકારી શ્રી વિશાલભાઈ પટેલ, કોપરલી ગામના સરપંચ શ્રીમતી ઉષાબેન, સુખેશ ગામના સરપંચ શ્રી પુનિતભાઈ, ગ્રામ પંચાયત સભ્ય શ્રી દિનેશભાઈ, શિક્ષણવિદો, સ્થાનિક આગેવાનો, વાલીઓ અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. પુસ્તકની ભેટ સાથે બાળકોએ મંત્રીશ્રી સહિતના મહાનુભાવોનું સ્વાગત કર્યુ હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના બાળકોએ કર્યુ હતુ. આભારવિધિ ત્રણેય શાળાના આચાર્યોશ્રીઓએ કરી હતી.

# પારડી પોલીસે બગવાડાથી ચાર લાખનો દારૂ ભરેલ ટેમ્પો ઝડપ્યો : ડુપ્લીકેટ નંબર લગાવી કરતા હતા દારૂની હેરાફેરી

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**પારડી, તા.૨૯**

પારડી તાલુકાના ઉદવાડા ઓરવાડ ૩૦૩ શુભમ એવન્યુ ખાતે રહેતા જીગ્નેશભાઈ કાંતિલાલ પટેલે પોતાનો ટેમ્પો નંબર જીજે-૧૫-એવી ૮૩૯૧ની નંબર પ્લેટ કોઈ અજાણ્યો ઈસમ અન્ય ટેમ્પા પર લગાવી ટોલનાકા પરથી વારંવાર પસાર થતા ફાસ્ટ ટેગ દ્વારા બેલેન્સ કપાતુ હોવાની અરજી પારડી પોલીસ સ્ટેશન ખાતે કરી હતી.

જેને લઈ પારડી પોલીસ સ્ટેશન પી.આઈ. શ્રી જી.આર.ગઢવીની સૂચના અને માર્ગદર્શન હેઠળ પારડી પોલીસ સ્ટેશનના પોલીસ કર્મીઓ શ્રી રોહિત રાજુભાઈ બાવલિયા, શ્રી રવિન્દ્ર રામસિંગભાઈ તથા શ્રી મયુરભાઈ દ્વારા ગઈકાલે તારીખ ૨૭/૬/૨૦૨૫ના રોજ બગવાડા



ટોલનાકા પાસે વોચ ગોઠવી હતી. આ દરમિયાન અરજદારે આપેલ નંબરનો ટેમ્પો આવતા તેને રોકી પારડી પોલીસ સ્ટેશન ખાતે લાવી પૂછપરછ દરમિયાન તેણે તેનું નામ રિઝવાન ઉસ્માન અલી પડે રહે. કલ્યાણ મહારાષ્ટ્ર હોવાનું જણાવ્યું હતું. ટેમ્પાની પાછળના ભાગે તપાસ કરતા પહેલી નજરમાં પેપરની ટ્યુબ ભરેલ હોવાનું જણાયું હતું. પરંતુ વધુ તપાસ કરતા આ પેપરની ટ્યુબની નીચે દારૂ તથા બિયરનો ૩૫ બોક્સ ૧૩૬૮ નંગ કિંમત રૂપિયા ૩,૯૩,૬૦૦નો દારૂ મળી આવ્યો હતો. પોલીસે ચેસીસ થતા એન્જિન નંબરના આધારે એપ દ્વારા તપાસ કરતા પકડાયેલ ટેમ્પાનો સાચો નંબર જીજે-૦૭-ટીયુ-૪૨૦૧ અને માલિક મોહનભાઈ ચતુરભાઈ રાવલ રહે.ભાઠા, ખેડાનો હોવાનું બહાર આવ્યું હતું.

વધુ પૂછપરછ દરમિયાન આ દારૂ ભરીને રાજકુમાર અને અભિષેક નામના વ્યક્તિએ આપ્યો હોવાનું અને નવસારી ટોલનાકા સુધી પહોંચાડવાનું જણાવ્યું હતું.

પારડી પોલીસે રિઝવાનની ધરપકડ કરી રાજકુમાર તથા અભિષેકને વોન્ટેડ જાહેર કરી ૩,૯૩,૬૦૦ નો દારૂ, ૫૦૦૦નો મોબાઈલ, ૨૬,૫૩૯ પુઠાની ટ્યુબ અને ૨,૦૦,૦૦૦નો ટેમ્પો મળી કુલ ૫,૯૫,૧૩૯ રૂપિયાનો મુદ્દામાલ કબજે લઈ વધુ તપાસ હાથ ધરી છે.

# ચીખલી પોલીસે કારમાં સુરત લઈ જવાતા રૂ. ૪.૮૫ લાખના દારૂના મુદ્દામાલ સાથે એકની કરેલી ધરપકડ



-તસવીરઃ દિપક સોલંકી

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ચીખલી(વંકાલ), તા.૨૯**

ચીખલી પોલીસે હાઈવે ચાર રસ્તા ઓવરબ્રિજ પાસેથી આઈ ૧૦ કારમાં સુરત લઈ જવાતો રૂા.૪.૮૫ લાખના દારૂના મુદ્દામાલ સાથે એકની ધરપકડ કરી બે જેટલાને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ હાથ ધરી છે.

ચીખલી પોલીસ મથકના પીએસઆઈ શ્રી એચ.એસ.પટેલ, હે.કો. શ્રી મહેન્દ્રભાઈ નેભાભાઈ, પો.કો. શ્રી અલ્પેશભાઈ સાતાભાઈ, શ્રી ગણપતભાઈ સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. દરમિયાન પૂર્વ બાતમીના આધારે ચીખલી ચાર રસ્તા ઓવરબ્રિજ પાસે વોચ ગોઠવી હતી. દરમિયાન બાતમી મુજબની વગર નંબરની આઈ ૧૦ કાર આવતા જેને રોકી તલાસી લેતા અંદરથી વિદેશી દારૂ, ટીન-બીયરની નાની મોટી બોટલ નંગ-૮૬૪ કિ.રૂા.૪,૮૫,૮૦૦/-, કારની કિ.રૂા.૨ લાખ, એક મોબાઈલ કિ.રૂા.૫,૦૦૦/- મળી કુલ્લે રૂા.૪,૮૫,૮૦૦/- નો મુદ્દામાલ કબજે કરી કાર ચાલક પ્રતીક જયેન્દ્ર જૂજવાડીયા (ઉ.વ.આ-૨૮) (રહે.એચ-નં-૫,ધાકલીની વાડી નાની દમણ) ની અટક કરી હતી.

જ્યારે કારમાં દારૂનો જથ્થો ભરી આપનાર મોન્ટુ (રહે. દમણ) તથા દારૂનો જથ્થો મંગાવનાર મેહુલ ઉર્ફે મિલેશ (રહે.કતારગામ સુરત) એમ બે જેટલાને પોલીસ ચોપડે વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ ચીખલી પોલીસ કરી રહી છે.

# પારડીના ડુંગરી ખાતે મગજની બિમારીથી કંટાળી પરણિતાએ જીવન ટૂકાવ્યું

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**પારડી, તા.૨૯**

પારડીના ડુંગરી ગામ ડુંગરી ફળિયા ખાતે રહેતી શ્વેતાબેન છોટુભાઈ કોળી પટેલના લગ્ન આજથી દસ વરસ પહેલા ડુંગરી આમરણીયા ફળિયા ખાતે રહેતા કેતનભાઈ લાલુભાઈ કોળી પટેલ સાથે થયા હતા અને સંતાનમાં નવ વર્ષનો દિકરો પણ છે પરંતુ છેલ્લા બે વર્ષથી શ્વેતાબેન મગજની બીમારીને લઈ તેઓ માનસિક રીતે ટેન્શનમાં રહેતા હતા.

તારીખ ૨૭/૬/૨૦૨૫ના રોજ તેઓ ઉપરના માળે જવાનું કહી ઘરના ઉપરના માળે જઈ અંદરથી દરવાજો કરી બંધ પંખાના હુંકમાં નાયલોનની દોરી બાંધી ગળે ફાંસો ખાઈ પોતાનું જીવન ટૂંકાવ્યું હતું. પતિ કેતનભાઈ તથા ઘરના સદસ્યોએ ઘરના રૂમનો દરવાજો તોડી અંદર પ્રવેશ કરી જોતા શ્વેતાબેન પંખાના હુંક સાથે નાયલોનની દોરી સાથે ફાંસો ખાધેલી હાલતમાં લટકતી હોય તેમને નીચે ઉતારી જોતા તેઓ મરણ પામ્યા હોય આ અંગેની ફરિયાદ પતિ કેતનભાઈ લાલુભાઈ કોળી પટેલે પારડી પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી હતી.

# અત્યંત કઠિન ગણાતી બાબા અમરનાથની યાત્રાએ વલસાડથી ૫૦ ભક્તો રવાના




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૯**

જમ્મુ કાશ્મીરની અત્યંત કઠિન ગણાતી બાબા અમરનાથની યાત્રાએ વલસાડથી લક્ઝરી બસ મારફતે ૫૦ શ્રધ્ધાળુઓ મુસ્લિમ સારથી સાથે રવાના થયા છે. બાબા અમરનાથના દર્શન જવા ભક્તોમાં ભારે ઉત્સાહ વર્તાયો છે.

જમ્મુ કાશ્મીરમાં આવેલા બાબા બરફાની એટલે કે બાબા અમરનાથના દર્શન થઈ જાય તો જીવન ધન્ય બની જાય એવું કહેવાય છે. ખૂબ જ કઠિન ગણાતી આ યાત્રા હમણાં જ શરૂ થાય છે. આ યાત્રા માટે અનેક વિધિમાંથી પસાર થવું પડે છે. શનિવારની રાત્રે વલસાડ અબ્રામાં સ્થિત એસટી વર્કશોપની સામેથી લક્ઝરી બસ મારફતે ભક્તોને યાત્રાનો પ્રારંભ કરાવ્યો હતો. બાબા બર્ફાનીના દર્શને જતાં શ્રદ્ધાળુઓએ યાત્રાનો પ્રારંભ કરતી વખત ‘જય બાબા બર્ફાની’ના નાદથી વાતાવરણ ગજાવી નાખ્યું હતું.

આ અવસરે વલસાડના શિવજી મહારાજ દ્વારા સૌને આશીર્વાદ આપી બાબા અમરનાથની યાત્રા હેમખેમ પસાર થાય તે માટે શુભકામનાઓ પાઠવી હતી. છેલ્લા ૨૪ વર્ષથી હિન્દુ શ્રદ્ધાળુઓને બાબા અમરનાથના દર્શને લઈ જતા વલસાડનાં મુસ્લિમ ડ્રાઈવર અફરોઝ શેખે જણાવ્યું હતું કે, અંબાજી રાજસ્થાન થઈ અમે જમ્મુ કાશ્મીર પહોંચીશુ અને લગભગ પાંચમી છઠ્ઠી તારીખે અમે બાબા અમરનાથના દર્શન કરીશું.

**કાર્યપાલક મેજીસ્ટ્રેટ અને મામલતદાર પારડીની કોર્ટમાં**

રજી. ૩૪૧-૨૦૨૪

**અરજદારઃ** **ફતેસિંહ રામસિંહ ઠાકોર**
રહે. સામરપાડા રજપુત ફળિયા, તા.પારડી

**વિરૂધ્ધ**

**સામાવાળાઃ** **તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી સામરપાડા**
**તા.પારડી, જી. વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે જન્મની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટિસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **ફતેસિંહ રામસિંહ ઠાકોર,** રહે. સામરપાડા રજપુત ફળિયા, તા.પારડી, જી.વલસાડનાએ તેઓના પુત્રી સ્વાતિબેન ફતેસિંહ ઠાકોરનો જન્મ તા.૨૭/૦૫/૧૯૯૩ ના રોજ મોજે-સામરપાડા, તા.પારડી, જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહું જાહેરાત પ્રસિદ્ધ થયા તારીખથી ૩૦ (ત્રીસ) દિવસની અંદર કાર્યપાલક મેજીસ્ટ્રેટ અને મામલતદાર પારડી, મામલતદાર કચેરી પારડી, તા.પારડી, જી.વલસાડની કચેરીએ વાંધા રજૂ કરવાના રહેશે. જો વાંધો નહીં આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજરોજ તા.૨૧/૦૪/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં. એમએજી./જન્મ-મરણ/રજી. નં. ૩૪૧-૨૦૨૪/૨૦૨૫**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ અને મામલતદાર કચેરી, પારડી.**
**તા. પારડી, જી. વલસાડ**

કોર્ટનો સિક્કો

**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**પારડી**

# પારડી તાલુકાના વિજેતા સરપંચો અને નાણાં મંત્રી કનુભાઈ દેસાઈ સાથે શુભેચ્છા મુલાકાત યોજાઈ

**ભારતીય જનતા પાર્ટીની વિચારધારા સાથે જોડાઈ સમર્થન જાહેર કર્યુ**



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૯**

ગુજરાત સરકારના નાણાં, ઊર્જા, પેટ્રોકેમિકલ્સ વિભાગના કેબિનેટ મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ સાથે પારડી તાલુકાના વિજેતા સરપંચશ્રીઓએ શુભેચ્છા મુલાકાત કરી હતી.

ગુજરાત સરકારના નાણાં, ઊર્જા, પેટ્રોકેમિકલ્સ વિભાગના કેબિનેટ મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ સાથે વલસાડ જિલ્લાના પારડી તાલુકાના વિજેતા જાહેર થયેલા સરપંચશ્રીઓએ શુભેચ્છા મુલાકાત કરી હતી અને ભારતીય જનતા પાર્ટીની વિચારધારા સાથે જોડાઈ એમનું સમર્થન જાહેર કર્યું હતું. નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ તમામ સરપંચશ્રીઓને શુભકામનાઓ પાઠવી હતી.

આ તબક્કે પારડી તાલુકા ભાજપના પ્રમુખ શ્રી પુનિતભાઈ પટેલ, પૂર્વ પ્રમુખ શ્રી મહેશભાઈ દેસાઈ, મહામંત્રી શ્રી રાજુભાઈ આહીર, તાલુકાના હોદ્દેદારો સહિત અગ્રણીઓ, કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા.

# દાનહના ખાનવેલ મરાઠી મીડિયમ શાળામાં આંતરરાષ્ટ્રીય અમલી પદાર્થ પ્રતિરોધ દિવસ નિમિતે કાર્યક્રમ યોજાયો



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૨૯**

દાદરા નગર હવેલીના ખાનવેલ સરકારી ઉચ્ચત્તર માધ્યમિક વિદ્યાલય મરાઠી મીડિયમમાં આંતરરાષ્ટ્રીય અમલી પદાર્થ પ્રતિરોધ દિવસ નિમિતે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું

શાળાના આચાર્ય શ્રી સલીમ ડીગનકરના માર્ગદર્શન અને રાષ્ટ્રીય સેવા યોજના કાર્યક્રમ અધિકારી શ્રી સુરેશ રમેશ ઈશીના સહયોગ દ્વારા એનએસએસના સ્વયંસેવકના માટે સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમા નશીલા પદાર્થોથી પોતાને બચાવો અને પોતાનાને કેવી રીતે બચાવી શકાય એ વિષય પર માર્ગદર્શન આપવામા આવ્યું હતું. જેમાં અમલી પદાર્થનું સેવન કરવાથી વ્યવહાર ચેતના, ધ્યાન એના પર નકારાત્મક પ્રભાવ પડે છે. શરાબ, ભાંગ, ઉત્તેજક દ્રવ્ય જેવી મનોસક્રિય દવાઓ સમય સાથે મસ્તિસ્કના કાર્યો સંરચનાને પ્રભાવિત કરે છે. દરેક સ્વયંસેવક સહિત ઉપસ્થિત દરેકે અમલી પદાર્થ પ્રતિબંધની શપથ લેવડાવવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં શ્રીમતી આશા દામોડા, શ્રીમતી કવિતા ગીરાસે, શ્રીમતી રૂચા ઠાકુર, શ્રી યોગેશ દેવરે, શ્રી મહેન્દ્રભાઈ દેવરે, શ્રી વિજયભાઈ મહાલા, બાપુ ખિલ્લારે સહિત વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**વર્તમાન પ્રવાહ** વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક

Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)

# ઊર્જામંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે વાપીના છીરીમાં ૬૬ કે.વી. સબ સ્ટેશનનું લોકાર્પણ કરાયું

**લોકોને સાતત્યપૂર્ણ વીજ પુરવઠો મળશે, વોલ્ટેજની સમસ્યા પણ હલ થશેઃ મંત્રી કનુભાઈ દેસાઈ**





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૨૯**

નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી શ્રી કનુભાઈ દેસાઈના હસ્તે ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લી.(જેટકો) દ્વારા વલસાડ જિલ્લાના વાપી તાલુકાના છીરી ખાતે રૂા. ૧૭.૯૬ કરોડના ખર્ચે નવનિર્મિત ૬૬ કે.વી. છીરી સબ સ્ટેશનનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.

આ લોકાર્પણ પ્રસંગે કેબિનેટ મંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, જેટકો દ્વારા છીરી માટે આ ખૂબ જ સરસ આયોજન છે. આ સબ સ્ટેશનથી સંબંધિત ગામો અને વાપી જીઆઈડીસીને ઘણો ફાયદો થશે. સબ સ્ટેશનથી લોકોને સાતત્યપૂર્ણ વીજપુરવઠો મળી રહેશે તેમજ વોલ્ટેજની સમસ્યા પણ હલ થશે. આજે સમગ્ર દેશમાં ગુજરાતમાં માથાદીઠ વીજવપરાશ વધુ છે. જેને પહોંચી વળવા માટે સરકાર અનેક પ્રયત્નો કરે છે. સારો વીજપુરવઠો મળવાથી ખેતીવાડી, ઉદ્યોગો અને શહેરોનો પણ સારો વિકાસ થયો છે.

વધુમાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, કુદરતી આફતોના સમયે પણ વીજ કંપનીના કર્મચારીઓ સતત કાર્યરત રહી વીજ પુરવઠો પહોંચાડે છે. અંડરગ્રાઉન્ડ કેબલિંગથી અનેક સમસ્યાઓ ઉકેલાશે. મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલે પણ વીજકાપ અટકાવા જ્યાં જ્યાં જરૂરિયાત હોય તે વિસ્તારોમાં અંડરગ્રાઉન્ડ કેબલીંગ કરવા પર ભાર મૂક્યો છે.

છીરી સબ સ્ટેશનની કુલ સ્થાપિત ક્ષમતા ૪૦ એમ.વી.એ. છે. જેમાં ૧૧ કેવીના જ્યોતિગ્રામ અને ૪ ઇન્ડસ્ટ્રીયલ ફિડરો સ્થાપિત છે. નવા સ્થાપિત સબ સ્ટેશન દ્વારા છીરી, છરવાડા, કોચરવા સહિત ચાર ગામોના ૩૪,૭૮૮ લોકોને સાતત્ય પૂર્ણ અને વિક્ષેપ રહિત વીજળી મળી રહેશે. સબસ્ટેશનથી સંબંધિત વિસ્તારોને પૂરતા દબાણથી ગુણવત્તા સભર વીજળી મળશે, ફિડરોની લંબાઈ ઘટવાથી ટી એન્ડ ડી લોસ ઘટશે, ખેતી-બિનખેતીમાં વિના વિક્ષેપ વિજળી પહોંચશે અને નવા વીજ જોડાણો આપી શકાશે. જેટકોના ચીફ એન્જિનિયર (પ્રોજક્ટ) શ્રી એ.બી. રાઠોડે સ્વાગત પ્રવચન અને જેટકોના એમ.ડી. શ્રી ઉપેન્દ્ર પાન્ડેએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યા હતા.

કાર્યક્રમમાં વાપી મામલતદાર શ્રી નવીનભાઈ ચૌરા, વીઆઈએ પ્રમુખ શ્રી સતીષભાઈ પટેલ, સંગઠન પ્રમુખ શ્રી મનીષભાઈ દેસાઈ સહિતના આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# વાપી જીઆઈડીસી સી-ટાઈપ વિસ્તારમાં તોતિંગ વૃક્ષ ધરાશાયી થતાં કલાકો સુધી રસ્તો બંધ રહ્યો



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૨૯**

વાપી જી.આઈ.ડી.સી. જુના સી.ટાઈપ વિસ્તારમાં મુખ્ય માર્ગ ઉપર આવેલ તોતિંગ વૃક્ષ રવિવારે બપોરે અચાનક વાવાઝોડાથી ધરાશયી થયું હતું. જેને લઈ કલાકો સુધી રસ્તો બંધ રહ્યો હતો.

વાપી જી.આઈ.ડી.સી. સી.ટાઈપ વિસ્તારમાં આજે બપોરે અચાનક તોતિંગ આંબાનું વૃક્ષ ધરાશાયી થયું હતું. તેથી કલાકો સુધી થર્ડ ફેઈઝ તરફ જતો રોડ બંધ થઈ ગયો હતો. વાહનોને મોરરજી સર્કલથી ડાઈવર્ટ કરાયા હતા. ઘટનાની જાણ ફાયર બ્રિગેડને કરવામાં આવતા ફાયરની ટીમે આવીને કલાકોની જહેમત કરી વૃક્ષને કાપીને દુર કર્યુ હતું.

સદ્‌નસીબે વૃક્ષ પડ્યું તે દરમિયાન કોઈ વાહન પસાર થયું નહોતું. તેથી મોટી દુર્ઘટના ટળી હતી.

# વાપી-પારડી અનાવિલ સમાજ દ્વારા અદ્યતન સુવિધાયુક્ત એરકન્ડિશન (એ.સી.) મોક્ષરથ લોકાર્પણ કરાયો




**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૨૯**

વાપી-પારડીના અનાવિલ સમાજ દ્વારા સેવા ક્ષેત્રે અનોખી પહેલ કરવામાં આવી છે. સ્વ. શ્રી ચંદ્રકાન્ત પરાગજી નાગરજી દેસાઈના પરિવારે તેમની યાદમાં સુવિધાયુક્ત અધ્યતન એરકન્ડીશન(એ.સી.) મોક્ષરથનું દાન આપ્યું છે. જેનું લોકાર્પણ નાણાંમંત્રી શ્રી કનુભાઈ દેસાઈ અને અનાવિલ યુવક મંડળના પ્રમુખ તથા સભ્યોના હસ્તે કરવામાં આવ્યું હતું.

નામધા રોડ અનાવિલ સમાજની વાડીમાં આ કાર્યક્રમ પ્રસંગે નામધામાં નવનિર્માણ પામી રહેલ સ્મશાન અન ભઠ્ઠી માટે નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, વી.આઈ.એ.ના પ્રમુખ શ્રી સતીષભાઈ પટેલ તરફથી રૂા.૪૦

**સ્વ. ચંદ્રકાન્ત પરાગજી નાગરજી દેસાઈની સ્મૃતિમાં પરિવારે મોક્ષરથનું દાન આપ્યું : નામધામાં અદ્યતન સ્મશાન ગૃહ બનશે**

લાખનું યોગદાન તથા અનાવિલ સમાજ હોલને એ.સી.માં રૂપાંતરિત કરવા માટે સમાજના પ્રમુખ શ્રી દિલીપભાઈ દેસાઈ તેમજ સ્મશાનના નામકરણ માટે શ્રી અરવિંદભાઈ દેસાઈએ દાન જાહેર કર્યુ હતું. દાન બદલ અનાવિલ યુવક મંડળના સેક્રેટરી શ્રી અનિલભાઈ દેસાઈએ આભાર વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે નાણાંમંત્રીએ જણાવ્યું હતું કે, આધુનિક એ.સી.મોક્ષરથ સમાજના લોકો માટે ઉપયોગી સાબિત થશે. નામધા ખાતે આધુનિક સ્મશાન નિર્માણ કાર્ય ચાલી રહ્યું છે. તેમાં વી.આઈ.એ. પ્રમુખ શ્રી સતીષભાઈ પટેલ સાથે સંયુક્ત યોગદાન આપ્યું છે. સ્વ. શ્રી ચંદ્રકાન્ત દેસાઈની દિકરીઓ શ્રીમતી પ્રીતિ જીતેન્દ્ર દેસાઈ અને શ્રીમતી સ્વાતિ કવલ દેસાઈએ જણાવ્યું હતું કે, પિતાજીના સ્મરણાર્થે મોક્ષરથ સમાજને અર્પણ કર્યો છે. સમાજે ઘણું આપ્યું છે ઋણ ચૂકવવાનો નાનો નમ્ર પ્રયાસ છે.

અનાવિલ યુવક મંડળના સેક્રેટરી શ્રી અનિલભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, અમારી સંસ્થા ૭૫ વર્ષથી સમાજ સેવામાં કાર્યરત છે. એ.સી. મોક્ષરથ પ્રથમ વખત રજૂ કર્યો છે. મોક્ષરથના ફાઈબર, ડાઘુઓનો સંચાલન ખર્ચ સંસ્થા દ્વારા ઉઠાવવામાં આવશે. એ.સી.હોલ રૂપાંતરિત કરવા માટે શ્રી દિલીપભાઈ દેસાઈનું દાન પણ પ્રશંસનીય છે.

# પારડી મોતીવાડા ખાતે દક્ષિણ ગુજરાત કોળી સમાજનો સુવર્ણ જયંતિ મહોત્સવ યોજાયો

**નાણાંમંત્રી કનુભાઈ દેસાઈ, સાંસદ ધવલભાઈ પટેલ અને ધારાસભ્ય ભરતભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા**




**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૨૯**

ગુજરાત સરકારના નાણાં, ઊર્જા, પેટ્રોકેમિકલ્સ વિભાગના કેબિનેટ મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, લોકસભાના દંડક, વલસાડ-ડાંગના સાંસદ શ્રી ધવલભાઈ પટેલ, વલસાડ કોળી પટેલ સમાજના પ્રમુખ અને ધારાસભ્ય શ્રી ભરતભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં દક્ષિણ ગુજરાત કોળી પટેલ સમાજના ૫૦ વર્ષની પૂર્ણાહુતી નિમિત્તે ''સુવર્ણ જયંતી મહોત્સવ'' પારડી તાલુકાના મોતીવાડા ગામે આવેલ પટેલ સમાજની વાડી ખાતે યોજાયો હતો. લોકસભાના દંડક વલસાડ-ડાંગના સાંસદ શ્રી ધવલભાઈ પટેલ દ્વારા સાંસદ નિધિમાંથી સંસ્થાના વિકાસ માટે ૧૧ લાખ રૂપિયાની માતબર રકમ આપવાની જાહેરાત કરતા ઉપસ્થિત સમાજના સહુ આગેવાનો, લોકોએ હર્ષોઉલ્લાસ અને તાળીઓથી સાંસદશ્રીને વધાવી લીધા હતા.

આ તબક્કે વલસાડ જિલ્લા ભારતીય જનતા પાર્ટીના મહામંત્રી શ્રી શિલ્પેશભાઈ દેસાઈ, જિલ્લા ઉપપ્રમુખ શ્રી જીતેશભાઈ પટેલ, સરદાર ભીલાડવાળા બેંકના ચેરમેન શ્રી જીતેન્દ્રભાઈ દેસાઈ, વી.આઈ.એ.ના પ્રમુખશ્રી સતિષભાઈ પટેલ, વાપી ભાજપ શહેર પ્રમુખ શ્રી મનિષભાઈ દેસાઈ, વાપી તાલુકા ભાજપ પ્રમુખ શ્રી સમયભાઈ પટેલ, જિલ્લા પંચાયતના સભ્ય શ્રી શૈલેષભાઈ પટેલ, સામાજિક આગેવાન શ્રી મુકેશભાઈ પટેલ, શ્રી હાર્દિકભાઈ પટેલ, કોળી સમાજના આગેવાનો, લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# વાપીમાં ગટરના ઢાંકણ અને સળીયા ચોરી કરવાનો ત્રણ ચોરાઓએ પ્રયાસ કર્યોઃ ઘટના સી.સી.ટી.વી.માં કેદ

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૨૯**

વાપીમાં અત્યારે ઠેર ઠેર વિકાસ કામો ચાલી રહ્યા છે. ત્યારે મનપાની ગટરો અને સરસામાન ઉપર ચોરટાઓનો ડોળો રહ્યો છે. તેવું ઘટના ગતરોજ બની. જાહેર રોડ ઉપરની અંડર ગ્રાઉન્ડના ઢાંકણ અને અંદરના લોખંડના રોડની ચોરી કરતા ત્રણ ચોરટા સી.સી.ટી.વી. કેમેરામાં કેદ થયા હતા.



ચોરટાઓ ઢાંકણ ખોલી ચોરીનો પ્રયાસ કરી રહ્યા હતા. તે દરમિયાન રાઉન્ડમાં હાઈડ્રોલીક ઈજનેર ઝા ત્યાંથી પસાર થતાં હતા. તેમને ચોરટાઓએ જોઈ લેતા તુરંત ચોરટા ફટાફટ પલાયન થઈ ગયા હતા. જોગાનુંજોગ ઝાનું ત્યાં આાવવું અને ઢાંકણ અને સળીયાની ચોરી થતી અટકી ગઈ હતી. પરંતુ ચોરટાઓનો ડોળો મનપાના ચાલી રહેલા વિકાસકાર્યોના સામાન ઉપર રહેલો છે. તેવું ગતરોજ બનેલી ઘટનાએ પુરવાર કર્યુ હતું.

## ઉદવાડા દરિયા કિનારે મળેલ લાશનો ભેદ ઉકેલતી પારડી પોલીસ

# ડુંગરા રાતા ખાડીમાં મિત્રો જોડે ન્હાવા ગયેલ શોયબ ખાન હોવાનું બહાર આવ્યું

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૨૯**

પારડીના ઉદવાડા ગામ જીમખાનાની બાજુમાં આવેલ દરિયા કિનારે તારીખ ૨૯-૬-૨૦૨૫ના રોજ એક અજાણ્યા ૨૦ થી ૨૫ વર્ષના યુવાનની લાશ મળી આવી હતી .

આ બનાવની તપાસ પારડી પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ જીનલ એ. શાહ કરી રહ્યા હોય તેઓએ આ યુવાનની લાશને રેંટલાવ સી.એચ.સી. ખાતે રાખી આ અંગેની જાણ નજીકના તમામ પોલીસ સ્ટેશન ખાતે કરવામાં આવી હતી. જેને લઈ ગઈકાલે



ડુંગરા પોલીસ સ્ટેશન ખાતે એક શોયબ ખાન નામના મુસ્લિમ યુવાનની ગુમ થયાની અરજી મળી હોય તેમના પરિવારજનોને રેંટલાવ ખાતે બોલાવી લાશને જોતા તેઓએ લાશની ઓળખી ગઈકાલે ગુમ થનાર પુત્ર શોયેબખાન હોવાનું જણાવતા તેઓને આ લાશ સોંપવામાં આવી હતી.

આમ ખૂબ જ ટૂંકા સમયમાં સમય સૂચકતા વાપરી પારડી પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. જીનલ એચ શાહે આ અજાણી લાશનો ભેદ ઉકેલી તેમના પરિવારજનોને આ લાશ સોંપવામાં આવી હતી. વધુમાં આ શોયેબ ખાન મિત્રો જોડે રાતા ખાડીમાં ન્હાવા માટે ગયો હોય ત્યાંથી તણાઈ ગયો હોવાનું જાણવા મળ્યું હતું.

## સેલવાસ લાયન્સ સ્કૂલમાં યોજાયેલા

# લાઈનેટ માઈન્ડ આઈટી ટેલેન્ટ શોમાં વાપીના વિદ્યાર્થીઓ ઝળક્યા

**એલ.જી.હરિયા સ્કૂલે વિદ્યાર્થીઓનું સન્માન કર્યુ**




**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૨૯**

લાયન્સ સ્કૂલ સેલવાસ દ્વારા આંતરશાળા '' લાયનેટ માઈન્ડ સ્પેસ આઈ.ટી.ટેલેન્ટ શો'' અંતર્ગત પ્રતિયોગિતાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વાપી અને સેલવાસની વીસ જેટલી શાળાઓના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં વાપીની શ્રી એલ.જી.હરિયા મલ્ટિપર્પઝ શાળાના ધોરણ આઠની વિદ્યાર્થીની સુનિતા શેખાવત અને દિવ્યાંકા પાંડાએ સાઈબર સિક્યોરીટી વિષય પર પીપીટી પ્રદર્શિત કરી દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યુ છે. અને ધોરણ આઠના વિદ્યાર્થીઓ પ્રયાગ કુલકર્ણી અને આરાધ્ય તિવારીએ તૃતિય સ્થાન બ્લોક કોડિંગ સેલ્ફ ડેવલપ ગેમમાં પ્રાપ્ત ર્યુ છે. જ્યારે ધોરણ અગિયારના વિદ્યાર્થીઓ માન દેસાઈ અને યેશા વશીએ વેબ ડેવલપમેન્ટ ઈ-કોમર્સ-સાઈટ બનાવી તૃતિય સ્થાન પ્રાપ્ત કરી શાળાને ગૌરવ અપાવ્યું છે.

શાળાના મેનેજમેન્ટ અને આચાર્યા શ્રીમતી બીની પૌલે શાળા પરિવાર વતી વિજેતા વિદ્યાર્થીઓ અને તેમની માર્ગદર્શક શિક્ષકોની ટીમને મેળવેલ સફળતા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

# દેહરી અને ગોવાડાની શાળામાં પ્રવેશોત્સવ તેમજ કન્યા કેળવણી મહોત્સવ ઉજવાયો



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) સરીગામ, તા.૨૯**

ઉમરગામ તાલુકાના દેહરી ગામ ખાતેની જીવન શિક્ષણ પ્રાથમિક શાળા તેમજ ગોવાડાની ઉચ્ચતર માધ્યમિક શાળામાં કન્યા કેળવણી મહોત્સવ અને પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે વલસાડ જિલ્લા પંચાયતના સભ્યશ્રી દીપકભાઈ મિસ્ત્રી તથા તાલુકા પંચાયતના સભ્યશ્રી દિનેશભાઈ માહ્યાવંશી, સરકારી હોસ્પિટલના મેડિકલ ઓફિસર શ્રીમતી ફાલ્ગુનીબેન, બીટ નિરીક્ષક પ્રાથમિક વિભાગ લાઇઝન અધિકારીશ્રી અલ્પેશભાઈ ટંડેલ, દેહરી ગામના સરપંચશ્રી ધનેશભાઈ, ઉપસરપંચશ્રી ઉમેશભાઈ સોલંકી, સભ્યશ્રી નીતિનભાઈ કામળી, શ્રીમતી કોકીલાબેન ધોડી, આગેવાનશ્રી આશિષભાઈ પટેલ, ગોવાડા ગામના સરપંચ શ્રીમતી મંજુબેન, ભાજપ સંગઠન બક્ષીપંચ મોરચા પ્રમુખશ્રી નિલેશભાઈ તથા ગોવાડા ગામના આગેવાનશ્રી ઉમેશભાઈ પટેલ, ગોવાડા સ્કૂલના શિક્ષકશ્રી શીરીષભાઈ તથા દેહરી પ્રાથમિક શાળાના આચાર્યશ્રી ભરતભાઈ તથા શાળાના શિક્ષક શ્રીમતી જ્યોતિબેન પટેલ, માજી આચાર્ય શ્રીમતી પીલાબેન, સહિત શાળાના શિક્ષક ગણ અને વિદ્યાર્થીઓ તેમજ વાલીઓ અને આંગણવાડી બહેનોની હાજરી જોવા મળી હતી.

આ કાર્યક્રમ અંતર્ગત ઉપસ્થિત આગેવાનોએ પ્રવેશ લઈ રહેલા નાના ભૂલકાંઓને શુભકામનાઓ આપી પ્રોત્સાહિત કર્યા હતા. તેમજ જીવન ઘડતરમાં શિક્ષણનું રહેલું મહત્વ વિશે માર્ગદર્શન પૂરું પાડી ઉપસ્થિત વાલીઓને બાળકોને નિયમિત રીતે શાળામાં મોકલવા માટે સમજણ આપી હતી. આ ઉપરાંત સરકારશ્રી દ્વારા આર્થિક રીતે નબળા વર્ગના વિદ્યાર્થીઓને સહાય માટે પૂરી પાડવામાં આવતી વિવિધ શિષ્યવૃત્તિ યોજનાઓ અંગે જાણકારી પણ આપવામાં આવી હતી.

આ પ્રસંગે દેહરી જીવન શિક્ષણ પ્રાથમિક શાળા પરિવારે દેહરી ગામ પંચાયતની કામગીરીને બિરદાવી હતી અને શાળાના દરેક કાર્યમાં મદદરૂપ થવા બદલ પંચાયતના સરપંચશ્રી ધનેશભાઈ તથા ઉપસરપંચશ્રી ઉમેશભાઈ સોલંકીનું શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું.